# લીંબડી જ્ઞાનભંડારનું અવલોકન*

પ્રસ્તુત પુરાતન હસ્તલિખિત જૈન જ્ઞાનભંડારનું અવલોકન લખવા પહેલાં તેવા પ્રાચીન જ્ઞાન-ભંડારોની સ્થાપના અને તેના રક્ષણને લગતો કેટલોક પરિચય આપવો એ અસ્થાને ન જ ગણાય.

## જ્ઞાનભંડારોની સ્થાપના

પુરાતન હસ્તલિખિત તાડપત્રીય, [1]કપડાનાં તેમ જ કાગળનાં [2]પુસ્તકોના અંતમાં દૃષ્ટિગોચર થતા અનેક નાના-મોટા ઉલ્લેખો તથા આચાર્ય **ઉદયપ્રભકૃત ધર્માભ્યુદય (વસ્તુપાલચરિત્ર), પ્રભાવકચરિત્ર, જિનહર્ષ**કૃત **વસ્તુપાલચરિત્ર, કુમારપાલપ્રબંધ, સુકૃતસાગર** મહાકાવ્ય, **ઉપદેશતરંગિણી** આદિ ઐતિહાસિક ચરિત્રગ્રંથો, **કુમારપાલરાસ, વસ્તુપાલ-તેજપાલરાસ** આદિ ઐતિહાસિક રાસાઓ તેમ જ છૂટક જૂનાં પાનાંઓમાં મળતી વિવિધ નોંધોને આધારે સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે દરેક ગચ્છના સમર્થ જ્ઞાનપ્રિય આચાર્યાદિ મુનિવર્ગના ઉપદેશથી કે પોતાના

* સદ્ગત પૂ. મુનિ શ્રી ચતુરવિજયજી મહારાજે સંપાદિત કરેલ 'લીંબડીના જૈન જ્ઞાનભંડારોની હસ્તલિખિત પ્રતિઓના સૂચિપત્ર'નો પરિચય-લેખ.

૧. કપડા ઉપર લખાયેલ પુસ્તક વિરલ જ જોવામાં આવે છે. પાટણના સંઘના ભંડારમાં કપડા ઉપર લખેલ બે પુસ્તકો છે, જેમાંનું એક સંવત ૧૪૧૮માં લખેલું ૨૫×૫ ઇંચના કદવાળાં ૯૨ પાનાંનું છે. સામાન્ય ખાદીના કપડાના બે ટુકડાને ચોખાની લહીથી ચોડી તેની બન્ને બાજુએ લહી ચોપડી અકીકના અગર તેવા કોઈ પણ ઘૂંટાથી ઘૂંટી તેના ઉપર લખવામાં આવેલ છે. આ સિવાય અન્ય ભંડારોમાં ક્વચિત્ ક્વચિત્ તે તે ગામના સંઘે તે તે સમયમાં વિદ્યમાન આચાર્યાદિ ઉપર મોકલાવેલ ચોમાસાની વિજ્ઞપ્તિના તેમ જ સાંવત્સરિક ક્ષમાપનાના સચિત્ર પટો, કર્મગ્રંથનાં યંત્રો, નવપદ-પંચપદની અનાનુપૂર્વી, સૂરિમંત્રાદિના પટો આદિ પણ કપડા ઉપર લખેલ જોવામાં આવે છે. આ સર્વ એકવડા કપડાને ઉપરની જેમ તૈયાર કરી લખેલ હોય છે.

૨. જૈન પુસ્તકો તાડપત્ર, કાગળ અને કપડા ઉપર જ લખાયેલાં મળે છે; તે સિવાય ભોજપત્ર, કેળપત્ર આદિ ઉપર લખાયેલ મળતાં નથી; તેમ તેના ઉપર લખામાનો સંભવ પણ નથી. માત્ર યતિઓના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંતરિક ઉલ્લાસથી અનેક રાજાઓએ, મંત્રીઓએ તેમ જ ધનાઢ્ય ગૃહસ્થોએ [3]તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે, જિનાગમશ્રવણ નિમિત્તે, પોતાના અથવા પોતાના પરલોકવાસી સ્વજનના કલ્યાણ માટે, સાહિત્ય પ્રત્યેની પોતાની અભિરુચિને કારણે અગર તેવા કોઈ પણ શુભ નિમિત્તે નવીન પુસ્તકાદર્શો લખાવીને અથવા પુરાતન જ્ઞાનભંડારો અસ્તવ્યસ્ત થવાને કારણે કોઈ વેચતું હોય તેને વેચાતાં લઈને મોટા મોટા જ્ઞાનભંડારોની સ્થાપના કરી છે અથવા પોતપોતાના શ્રદ્ધેય આચાર્યાદિ મુનિવર્ગને તેવા પુસ્તકસંગ્રહો અધ્યયનાદિ નિમિત્તે ભેટ આપ્યા છે. આ સ્થળે ધ્યાનમાં રહેવું જોઈએ કે સાધારણમાં સાધારણ વ્યક્તિઓએ પોતે અલ્પસંપન્ન હોય છતાં ઉપરોક્ત શુભ નિમિત્તોમાંનું કોઈ પણ નિમિત્ત પ્રાપ્ત થતાં તેઓએ પણ "ટીપે ટીપે સરોવર ભરાય," એ ન્યાયે મહાનમાં મહાન જ્ઞાનભંડારો ઊભા કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો છે. આવા વ્યક્તિગત અલ્પ ફાળા દ્વારા જે કામો થયાં છે, અથવા થાય છે, તેને જો બાદ કરી લઈએ તો સમર્થ વ્યક્તિઓએ કરાવેલ કાર્યોનું માપ સોમાંથી પોણોસો અગર તેથી પણ વધારે બાદ કરતાં જે આવે તેટલું જ થાય. એટલે પ્રમાણમાં નાના સરખા દેખાતા આ ફાળાઓની કિંમત પણ જેવી તેવી નથી.

પૂજ્યપાદ શ્રીમાન **દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે** ગ્રંથલેખનનો આરંભ કરાવ્યો ત્યારે અને તે પછી પણ અનેક સમર્થ તેમ જ સાધારણ વ્યક્તિઓએ વિશાળ જ્ઞાનભંડારોની સ્થાપના કરી હશે અથવા કરી છે, તેને લગતાં ઐતિહાસિક સાધનોના અભાવમાં તેમ જ મારા પોતાના તદ્વિષયક ઊંડા અભ્યાસને અભાવે તે ચિરકાલીન ભંડારોનો પરિચય ન આપતાં માત્ર તે જ્ઞાનભંડારોની વિશાળતાનો ખ્યાલ આવે

---

જમાનામાં અર્થાત્ સત્તરમી અને ખાસ કરીને અઢારમી-ઓગણીસમી સદીમાં અવ્યવસ્થિત રીતે લખાયેલ કેટલાક મંત્રો ભોજપત્ર પર જોવામાં આવે છે.

૩. અહીં જે જે નિમિત્તે પુસ્તકો લખાવાતાં તેનાં કેટલાંએક પ્રમાણોનો ઉલ્લેખ આગળ ટિપ્પણીમાં સ્વાભાવિક આવશે. અને શેષ નીચે આપવામાં આવે છે—

संवत् १८४४ वर्षे मिति भाद्रवा सुदि २ तिथौ लिखितं । पं० ईश्वरसागरगणिना श्रीयोधपुरमध्ये । बंब । मणिहारा अषैराजजी ज्ञानाभिवृद्धये कारिपितं चित्रम् ॥

—नं० ६७ कल्पसूत्र सचित्र, लींबडी.

संवत् १३०१ वर्षे कार्तिक शुदि १३ गुरावद्येह सलषणपुरे आगमिकपूज्यश्रीधर्म्मघोषसूरिशिष्यश्रीयशोभद्रसूरीणामुपदेशेन कुमरसिंहमालूपुत्रिकया जसवीरभार्यया सोलणभगिन्या जालूनामिकया पुत्रराणिगपाल्हणयोः स्वस्य च श्रेयोऽर्थं पाक्षिकवृत्तिपुस्तिका पंडि० पूनापार्श्वात् लिखापिता ॥

—ताडपत्रीय पाक्षिकसूत्रटीका, लींबडी.

औपपातिकसूत्र राजप्रश्नीयसू० पु० मंत्रि छाडाकेन गृहीत्वा श्रीभुवनतुङ्गसूरीणां वाचनाय प्रदत्ता । तैः प्रपाट्टलके क्षिप्ता ॥

—ताडपत्रीय, लींबडी.

કોઈ કોઈ વાર મુનિઓ પણ શ્રેયોર્થે ગ્રંથો લખતા—

संवत् १२११ वर्षे आश्विनवदि १ बुधदिने पूर्वभाद्रपदनाम्नि मूलयोगे तृतीययामे पं० मणिभद्रशिष्येण यशोवीरेण पठनार्थं कर्मक्षयार्थं च लिखितं ॥

—नं. ३१६ सित्तरीटिप्पन, जेसलमेर.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેટલા ખાતર પાછલી શતાબ્દીઓમાં રાજા–મહારાજા આદિએ જે જ્ઞાનભંડારો સ્થાપ્યા છે, તેનો ટૂંક પરિચય આ સ્થાને આપવાનો સંકલ્પ છે.

**રાજાઓએ સ્થાપેલ જ્ઞાનભંડારો**—રાજાઓમાં જ્ઞાનકોશની સ્થાપના કરનાર બે ગૂર્જરેશ્વરો પ્રસિદ્ધ છે. એક વિદ્વત્પ્રિય સાહિત્યરસિક મહારાજા **શ્રી સિદ્ધરાજ** અને બીજા જૈનધર્મપ્રતિપાલક મહારાજા **શ્રી કુમારપાલ. સિદ્ધરાજે** ત્રણ સો લહિયાઓ એકઠા કરી સર્વદર્શનના ગ્રંથો લખાવી રાજકીય પુસ્તકાલયની સ્થાપના કર્યાનો તથા આચાર્ય **હેમચંદ્રકૃત** સાંગોપાંગ સપાદલક્ષ (સવાલાખ) **વ્યાકરણ** ગ્રંથની સેંકડો પ્રતિઓ લખાવી તેના અભ્યાસીઓને આપ્યાનો તેમ જ **અંગ, બંગ** આદિ ભિન્ન ભિન્ન દેશોમાં ભેટ મોકલાવ્યાનો અને તે તે વિષયના અભ્યાસીઓને તે તે ગ્રંથો પૂરા પાડચાનો ઉલ્લેખ [૪]**પ્રભાવકચરિત્ર** તથા [૫]**કુમારપાલપ્રબંધ**માં છે. **મહારાજા કુમારપાલ**ને માટે પણ **કુમાર-પાલપ્રબંધ**આદિમાં એકવીસ જ્ઞાનભંડાર સ્થાપ્યાની તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમગ્રંથો અને આચાર્ય **હેમચંદ્ર**વિરચિત યોગશાસ્ત્ર–વીતરાગસ્તવની હાથપોથી સ્વર્ણાક્ષરે લખાવ્યાની નોંધ છે. આ સિવાય અન્ય રાજાઓએ જૈન ગ્રંથો લખાવ્યા હશે તેમ જ જૈન જ્ઞાનભંડારોની સ્થાપના પણ કરી હશે, પરંતુ તે સંબંધી ખાસ ઉલ્લેખ નહીં મળવાથી તે માટે મૌન ધાર્યું છે.

**મંત્રીઓએ સ્થાપેલ જ્ઞાનભંડારો**—મંત્રીઓમાં જ્ઞાનભંડાર લખાવનાર પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતીય મહાઅમાત્ય **વસ્તુપાલ–તેજપાલ** અને ઓસવાળ જ્ઞાતીય માંડવગઢના મંત્રી **પેથડશાહ** ખાસ પ્રસિદ્ધ છે. મહાઅમાત્ય **વસ્તુપાલ–તેજપાલ નાગેન્દ્રગચ્છીય** આચાર્ય **વિજયસેન** તથા **ઉદય-પ્રભસૂરિ**ના ગૃહસ્થ શિષ્ય હતા. તેમના ઉપદેશથી તેમણે જ્ઞાનભંડારો લખાવ્યાની નોંધ **જિનહર્ષ** ગણિકૃત [૬]**વસ્તુપાલચરિત્ર, ઉપદેશતરંગિણી** આદિમાં નજરે પડે છે. મંત્રી **પેથડશાહ તપગચ્છીય**

---

४. राज्ञः पुरः पुरोगैश्च विद्वद्भिर्वाचितं ततः ।
चक्रे वर्षत्रयं वर्ष ( यावत् ) राज्ञा पुस्तकलेखने ॥१०३॥
राजादेशान्नियुक्तैश्च सर्वस्थानेभ्य उद्यतैः ।
तदा चाहूय सच्चक्रे लेखकानां शतत्रयम् ॥१०४॥
पुस्तकाः समलेख्यन्त सर्वदर्शनिना ततः ।
प्रत्येकमेवादीयन्ताध्येतृणामुद्यमस्पृशाम् ॥१०५॥
—इत्यादि हेमचन्द्रसूरिप्रबन्धे ॥

કુમારપાલપ્રબંધ, પત્ર ૧૭ માં આને મળતો જ ટૂંક ઉલ્લેખ છે.

५. जिनागमाराधनतत्परेण राजर्षिणा एकविंशतिः ज्ञानकोशाः कारापिताः । एकादशाङ्ग-द्वादशोपाङ्गादिसिद्धान्तप्रतिरेका सौवर्णाक्षरैर्लेखिता । योगशास्त्रवीतरागस्तवद्वात्रिंशत्प्रकाशाः सौवर्णाक्षरा हस्तपुस्तिकायां लेखिताः । सप्तशतलेखका लिखन्ति ॥ पत्र ९६–९७ ॥ कु० प्र० ॥

ઉપદેશતરંગિણીમાં ૨૧ જ્ઞાનકોશ સ્થાપ્યાનું જણાવ્યું નથી, કિન્તુ જૈન આગમની સાત પ્રતિઓ તથા હેમચંદ્રકૃત ગ્રંથોની એકવીસ પ્રતિઓ લખાવ્યાનું જણાવ્યું છે—

श्रीकुमारपालेन सप्तशतलेखकपार्श्वात् ६ लक्ष ३६ सहस्रागमस्य सप्त प्रतयः सौवर्णाक्षराः श्रीहेमाचार्यप्रणीतव्याकरणचरित्रादिग्रन्थानामेकविंशतिः प्रतयो लेखिताः ॥ पत्र १४० ॥

૬. વસ્તુપાલચરિત્રમાં ત્રણ ભંડાર લખાવ્યાનું જણાવેલ છે. ઉપદેશતરંગિણીમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય **ધર્મઘોષસૂરિ**ના શિષ્ય હતા. તેમણે આગમશ્રવણ કરતાં **ભગવતીસૂત્ર**માં આવતા **વીર-ગૌતમ** નામની સોનાનાણાથી પૂજા કરી. તે એકઠા થયેલ દ્રવ્યથી પુસ્તકો લખાવી **ભરૂચ** આદિ સાત સ્થાનોમાં ભંડાર સ્થાપ્યા૭ હતા. આ સિવાય મંત્રી **વિમલશાહ,** મહામાત્ય **આમ્રભટ** (આંબડ), **વાગ્ભટ** (બાહડ) આદિ અન્ય મંત્રીવરોએ જ્ઞાનભંડારો અવશ્ય લખાવ્યા હશે, પરંતુ તેને લગતાં કશાં પ્રમાણો જોવામાં આવ્યાં નથી.

**ધનાઢ્ય ગૃહસ્થોએ સ્થાપેલ ભંડારો**—ત્રીજા વર્ગમાં ધનાઢ્ય ગૃહસ્થો આવે છે. તેમનાં નામોની પૂરી નોંધ આપવી એ તો શક્ય જ નથી, છતાં જે નામો આપણા સમક્ષ વિદ્યમાન છે, તેનીયે સપ્રમાણ નોંધ કરવા જઈએ તો પ્રસ્તુત અવલોકનને કિનારે જ મૂકવું પડે. એટલે ફક્ત વાચકોને સાધારણ રીતે ખ્યાલમાં આવી શકે તેટલા ખાતર તેવા ધર્માત્મા ગૃહસ્થોનાં બે-પાંચ નામનો પરિચય આપવો એ જ બસ ગણાશે. જેમ મહાઅમાત્ય **વસ્તુપાલ** આદિએ પોતપોતાના ગુરુના ઉપદેશથી પુસ્તકો લખાવ્યાં છે, તેમ **ખરતરગચ્છીય** આચાર્ય **જિનભદ્ર**ના આદેશથી ૮**ધરણાશાહે** મહોપાધ્યાય **શ્રીમહીસમુદ્રગણિ**ના ઉપદેશથી **નંદુરબાર**નિવાસી પ્રાગ્વાટજ્ઞાતીય સં૦ **ભીમ**ના પૌત્ર ૯**કાલુએ, આગમગચ્છીય શ્રીસત્યસૂરિ, જયાનંદસૂરિ, વિવેકરત્નસૂરિ**—આ ત્રણે એક જ ગુરુ-

---

श्रीवस्तुपालमन्त्रिणा सौवर्णमषीमयाक्षरा एका सिद्धान्तप्रतिर्लेखिता, अपरास्तु श्रीताड-कागदपत्रेषु मषीवर्णाञ्चिताः ६ प्रतयः । एवं सप्तकोटिद्रव्यव्ययेन सप्त सरस्वतीकोशाः लेखिताः ॥ पत्र १४२ ॥

७. श्रीधर्मघोषसूरिप्रदत्तोपदेशवासितचेतसा सं० (मं) पेथडदेवेन एकादशाङ्गी श्रीधर्मघोष-सूरिमुखात् श्रोतुमारब्धा । तत्र पञ्चमाङ्गमध्ये यत्र यत्र 'गोयमा' आयाति तत्र तत्र तन्नाम-रामणीयकप्रमुदितः सौवर्णटङ्ककैः पुस्तकं पूजयति । प्रतिप्रश्नमुक्तहाटक ३६ सहस्रादिबहु-द्रव्यव्ययेन समग्रागमादिसर्वशास्त्रासंख्यपुस्तकलेखनतत्पट्टकूलवेष्टनकपट्टसूत्रोत्तारिकाकाञ्चनवातिका-चारवः सप्त सरस्वतीभाण्डागाराः भृगुकच्छ–सुरगिरि–मण्डपदुर्ग–अर्बुदाचलादिस्थानेषु बिभरा-म्बभूविरे ॥ पत्र १३६ ॥

સુકૃતસાગર મહાકાવ્યના સાતમા તરંગમાં પેથડપુસ્તકપૂજાપ્રબંધમાં પણ આને મળતો જ ઉલ્લેખ છે. માત્ર ત્યાં ધર્મઘોષસૂરિની આજ્ઞાથી કોઈ સાધુએ આગમ સંભળાવ્યાનું જણાવવામાં આવેલ છે.
आदित्तोऽङ्ग–ततो गुर्वादिष्टैकयतिवाचितम् । शुश्राव० ॥ ६० ॥ ઇત્યાદિ.

૮. ધરણાશાહે લખાવેલ જીવાભિગમસૂત્રવૃત્તિ, ઓઘનિર્યુક્તિ સટીક, સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક, અંગવિદ્યા, લઘુકલ્પભાષ્ય, સર્વસિદ્ધાન્તવિષમપદપર્યાય, છંદોનુશાસન આદિ પ્રતો જેસલમેરના ભંડારમાં વિદ્યમાન છે. તેના અંતમાં નીચે લખેલને મળતા ઉલ્લેખો છે—

संवत् १४८७ वर्षे श्रीखरतरगच्छे श्रीजिनराजसूरिपट्टालङ्कारश्रीगच्छनायकश्रीजिनभद्रसूरि-गुरूणामादेशेन पुस्तकमेतल्लिखितं शोधितं च। लिखापितं साहधरणाकेन सुतसाइयासहितेन ॥

૯. આ કાલૂશાહનો પરિચય મેળવવા ઇચ્છનારે જૈન સાહિત્ય સંશોધક, પુ૦ ૩ અંક ૨માંનો "નંદુરબારનિવાસી કાલુશાહની પ્રશસ્તિ" લેખ જોવો. કાલૂશાહની લખાવેલ વ્યવહારભાષ્યની પ્રતિ જેમ ભાવનગરના સંઘના ભંડારમાં છે, તેમ લીંબડીના ભંડારમાં પણ તેમની લખાવેલ આચારાંગ-નિર્યુક્તિ અને સૂત્રકૃતાંગવૃત્તિની પ્રતિઓ વિદ્યમાન છે, જેના અંતમાં વ્યવહારભાષ્યને અક્ષરશઃ મળતી પ્રશસ્તિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંપરામાં દૂર દૂર થયેલ આચાર્યોના ઉપદેશથી એક જ સંતતિમાં દૂર દૂર થયેલ પ્રાગ્વાટજ્ઞાતીય **પેથડશાહ, મંડલીક** તથા **પર્વત–**[૧૦]**કાન્હાએ** નવીન ગ્રંથો લખાવી જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. કેટલાક એવા[૧૧] ગૃહસ્થો હતા, જેઓ કોઈ વિદ્વાન મુનિવરે નવીન ગ્રંથની રચના કરી હોય તેની એકીસાથે ઘણી નકલો લખાવતા. [૧૨]કેટલાક એવા પણ હતા, જેઓ માત્ર **કલ્પસૂત્ર**ની જ પ્રતો લખાવતા અને પોતાના ગામના ઉપાશ્રયોમાં અગર ગામેગામ ભેટ આપતા. આ રીતે દરેક ગચ્છના આચાર્યાદિ મુનિવર્ગના પુણ્ય ઉપદેશથી ભિન્ન ભિન્ન જ્ઞાતિના સેંકડો ધર્માત્મા એક એક ગૃહસ્થે એક એક જ નહિ પણ અનેકાનેક જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. આ સૌનાં પવિત્ર નામોનું સ્મરણ કરવું શક્ય નથી, એ સ્થિતિમાં એક એક અગર તેથી વધારે પુસ્તકો લખાવનાર વ્યક્તિઓનાં પાંચ–દસ નામોની નોંધ લેવી તેના કરતાં તે સર્વ વ્યક્તિઓને હાર્દિક ધન્યવાદ અર્પી વિરમીએ એ વધારે યોગ્ય છે. જેઓ આ પુણ્ય પુરુષોનાં નામ તેમ જ તેમનો સવિશેષ પરિચય મેળવવા ઇચ્છતા હોય તેમને ડૉ૦ **કિલહૉર્ન, ડૉ૦ પિટર્સન, સી૦ ડી૦** દલાલ આદિ સંપાદિત પ્રાચીન જૈન જ્ઞાનભંડારોના રિપોર્ટો જોવા ભલામણ છે.

ઉપર નિવેદન કરવામાં આવ્યું તેમ, આજ સુધીમાં સેંકડો જ્ઞાનભંડારો ઊભા થયા અને કાળની કુટિલતાને બળે, રાજ્યની ઊથલપાથલને લીધે, જૈન યતિવર્ગની પતિતતાને કારણે, તેમ જ જૈન સમાજની અજ્ઞાનતાને લીધે પણ તે બધાય શીર્ણ–વિશીર્ણ થઈ ગયા, **ગૂજરાત, મારવાડ, મેવાડ, દક્ષિણ, બંગાળ** આદિ દેશોમાં વસતા પતિત યતિવર્ગે સેંકડો ભંડારો નષ્ટ કર્યાની વાત સૌ કોઈ જાણતું હશે. પરંતુ તે જ દેશોમાં વસતા અજ્ઞાન આગેવાન ગણાતા જૈન ગૃહસ્થવર્ગે સ્વયં તેમ જ કેટલીએક વાર અણસમજુ હોવા છતાં ચિરપ્રવ્રજિત હોઈ મોટા તરીકે પંકાયેલ અણસમજુ [૧૩]મુનિવર્ગની પ્રેરણા કે સમ્મતિથી

---

૧૦. આ સૌના પરિચય માટે જુઓ : પુરાતત્ત્વ, વર્ષ ૧, અંક ૧ માંનો "એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ" શીર્ષક મારો લેખ.

૧૧. આચાર્ય અભયદેવ, ધર્મસાગર ઉપાધ્યાય આદિના ગ્રંથોની પ્રશસ્તિમાં જે ગૃહસ્થોએ એકી-સાથે પ્રેમપૂર્વક અનેક આદર્શો લખાવવાના પુણ્ય કાર્યમાં પોતાની લક્ષ્મીનો વ્યય કર્યો છે, તેમનાં નામોની નોંધ લીધી છે.

૧૨. लेखयित्वा वरान् कल्पान् लेखकैः रूपसंयुतान् ।
गत्वा च सर्वशालासु स्वाञ्चलं यो प्रसारये (?) ॥

—कल्पसूत्र प्रति, लींबडी.

गन्धारबन्दिरे तौ झलमलयुगलादिसमुदयोपेताः ।
श्रीकल्पपुस्तिका अपि दत्ताः किल सर्वशालासु ॥

—निशीथचूर्णीनी प्रति, पालीताणा.

૧૩. અહીં કરાયેલ મુનિવર્ગનો ઉલ્લેખ ઘણાને કલ્પિત લાગશે, પરંતુ તે રીતે વહેતી નદીઓમાં અને કૂવામાં પધરાવી આવનાર ગૃહસ્થોના મોઢેથી સાંભળેલી આ વાત છે. આ સિવાય પાલીતાણામાં ભીંતો ઉપરના વસ્તુપાલ આદિના શિલાલેખો જીર્ણ અવસ્થામાં આવી જવાને કારણે ભીંતોની શોભામાં ઘટાડો થતો હોવાથી તેને સિમેન્ટ તેમ જ રંગથી પૂરી દેવાની સલાહ પણ આવા મહાત્માઓ તરફથી મેળવી તેને પૂરી દીધાની વાત ત્યાંના ઘરડા કારભારીઓ સંભળાવે છે. અસ્તુ. જ્યાં વહીવટ કરનારાઓ નિષ્પ્રાણ હોય, ત્યાં આથી બીજી શી આશા રાખી શકાય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરાતન કીમતી પુસ્તકોને ઉધેઈથી ખવાઈ જવાને કારણે, જીર્ણ થવાને લીધે, પાણીથી ભીંજાઈને ચોંટી જવાને અથવા બગડી જવાને કારણે, ઉંદર આદિએ કરડી ખાધેલ હોવાને લીધે, ઊથલપાથલના સમયમાં એકબીજાં પુસ્તકોનાં પાનાંઓ ખીચડારૂપ થઈ અવ્યવસ્થિત થવાને કારણે અગર તેવા અન્ય કોઈ પણ કારણે વહેતી નદીઓમાં, દરિયામાં અથવા જૂના કૂવાઓમાં પધરાવીને નાશ કર્યાની ઘણા થોડાઓને ખબર હશે. આ પ્રમાણે ફેંકી દેવાયેલ સંગ્રહમાં સેંકડો અલભ્ય–દુર્લભ્ય મહત્ત્વના ગ્રંથો કાળના મુખમાં જઈ પડ્યા છે. આવા જ ફેંકી દેવાને તૈયાર કરાયેલ અનેક સ્થળના કચરારૂપ મનાતાં પાનાંઓના સંગ્રહમાંથી વિજ્ઞ મુનિવર્ગે કેટલાયે અશ્રુતપૂર્વ તેમ જ લભ્ય પણ મહત્ત્વના સેંકડો ગ્રંથો શોધી કાઢ્યા છે અને હજુ પણ શોધી કાઢે છે.

આ ઠેકાણે આ વાત લખવાનો હેતુ એટલો જ છે કે જેઓ આ વાત વાંચે તેઓની નજરે ક્યારેય પણ તેવો અવ્યવસ્થિત પ્રાચીન પાનાંઓનો સંગ્રહ જોવામાં આવે તો તેઓ તેને કોઈ પણ વિજ્ઞ મુનિ અગર ગૃહસ્થ પાસે લઈ જાય અને તેમ કરી નષ્ટ થતા કીમતી ગ્રંથોને જીવિત રાખવાના પુણ્ય અથવા યશના ભાગી થાય.

અત્યારે આપણા જમાનામાં **જૈન** મુનિવર્ગ તથા **જૈન** સંઘના સ્વત્વ નીચે વર્તમાન જે મહાન જ્ઞાનભંડારો છે, તે બધાય ઉપરોક્ત જ્ઞાનભંડારોના અવશેષોથી જ બનેલા છે. અને એ જ્ઞાનભંડારોની પુરાતત્ત્વજ્ઞોની દૃષ્ટિમાં જે દર્શનીયતા કે બહુમૂલ્યતા છે, તે પણ એ અવશેષોને જ આભારી છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આ અવશેષોને આપણે અનેક વિભાગમાં વહેંચી શકીએ; જેમ કે સમર્થ જ્ઞાત કે અજ્ઞાત આચાર્યકૃત અલભ્ય દુર્લભ્ય ગ્રંથો તથા તેમના જ સુધારેલ સૂત્ર, ભાષ્ય, ચૂર્ણી, ટીકા આદિ ગ્રંથો; માન્ય ટીકા, ચરિત્ર, પ્રકરણ આદિ ગ્રંથોની તેના કર્તાને હાથે લખાયેલ પ્રતો અથવા તેના પ્રથમાદર્શો અર્થાત્ ગ્રંથ રચાયા પછી વિશ્વસ્ત વિદ્વાન વ્યક્તિએ લખેલ પહેલી નકલ; માન્ય આચાર્યાદિ મહાપુરુષના હસ્તાક્ષરો; પ્રાચીન માન્ય ગ્રંથોના પુરાતન આદર્શો–નકલો; માન્ય રાજા, મંત્રી ગૃહસ્થ આદિએ લખાવેલ પ્રતિઓ; સચિત્ર પુસ્તકો; કેવળ ચિત્રો; સ્વર્ણાક્ષરી–રૂપ્યાક્ષરી પુસ્તકો ઇત્યાદિ. સાધારણ ખ્યાલમાં આવવા માટે જ આ વિભાગોની કલ્પના છે.

## જ્ઞાનભંડારોનું રક્ષણ

આ સ્થાને રક્ષણના બે વિભાગ પાડીશું : એક તો રાજદ્વારી આદિ કારણોને અંગે થતી ઊથલપાથલના જમાનામાં આવેશમાં આવી વિપક્ષી કે વિધર્મી પ્રજા દ્વારા નાશ કરાતા જ્ઞાનભંડારોનું રક્ષણ; અને બીજો શરદી આદિથી નાશ થતા જ્ઞાનભંડારોનું રક્ષણ.

પ્રથમ વિભાગમાં મહારાજા **અજયપાળ**ની મહારાજા **કુમારપાળ**દેવ પ્રત્યેની દ્વેષવૃત્તિ તથા મોગલોની તેમના હુમલા સમયની સ્વધર્માંધતા જેવા પ્રસંગો સમાય છે. આવા પ્રસંગોમાં વિપક્ષીઓ કે વિધર્મીઓ સામા થાય ત્યારે તેમના સામે થઈ જ્ઞાનભંડારોને સ્થાનાંતર કરવા માટે અથવા બચાવવા માટે દૂરદર્શિતા તેમ જ પરાક્રમ જ કામ આવે છે. **અજયપાળે કુમારપાળ** પ્રત્યેના વૈરને કારણે તેમનાં કરેલ કાર્યોનો નાશ કરવા માંડ્યો, ત્યારે મંત્રી **વાગ્ભટે અજયપાળ** સામે થઈ **જૈન** સંઘને ત્યાં વિદ્યમાન પુસ્તકભંડાર આદિ ખસેડવા માટે ત્વરા કરાવી. **જૈન** સંઘે પણ સમયસૂચકતા વાપરી ત્યાં વિદ્યમાન જ્ઞાનભંડાર આદિને ગુપ્ત સ્થાનમાં રવાના કરી દીધા, અને મહામાત્ય **વાગ્ભટ** તથા તેના નિમકહલાલ સુભટો પોતાના દેહનું બલિદાન આપી યમરાજના અતિથિ બન્યા. **જૈન** સંઘે આ ભંડારો તે સમયે ક્યાં સંતાડ્યાં ? પાછળથી તેની કોઈએ સંભાળ લીધી કે નહિ ?—આદિ કશું જ કોઈ જાણતું

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

નથી, તેમ જ તે હકીકતનો ઉલ્લેખ પણ ક્યાંય થયો નથી. સંભવ છે કે તેને જ્યાં રાખવામાં આવ્યા, ત્યાં ને ત્યાં જ રહ્યા હોય. કેટલાકોનું કહેવું છે કે તે બધું તે સમયે **જેસલમેર** મોકલાયું હતું, પરંતુ ત્યાંના કિલ્લામાં અત્યારે જે પુસ્તકસંગ્રહ વિદ્યમાન છે, તે જોતાં તેમ માનવાને કશું જ કારણ નથી મળતું. ત્યાંની દંતકથા પ્રમાણે કિલ્લાના અન્ય ગુપ્ત ભાગમાં તે સંગ્રહ હોય તો કાંઈ કહેવાય નહિ; પણ તેવો સંભવ જ નથી, તેમ ઘણી વાર આવી કિંવદન્તીઓ વજૂદ વિનાની જ હોય છે.

જેમ **જૈન** સંઘે મોગલોની ચડાઈના જમાનામાં પ્રતિમાઓના રક્ષણ માટે **જામનગર, પ્રભાસપાટણ, ઉના, અજાહરા, ગોઘા, રાંતેજ, ઇડર, પાટણ** આદિ નગરોમાં મંદિરની અંદર ગુપ્ત અગમ્ય માર્ગવાળાં તેમ જ અકલ્પ્ય ઊંડાઈવાળાં ભૂમિગૃહો–ભોંયરાં બનાવ્યાં છે, તેમ જ્ઞાનભંડારોની રક્ષા માટે બનાવ્યાનું ક્યાંય જાણવામાં કે સાંભળવામાં નથી. આનું કારણ એક જ જણાય છે કે **જૈન** મંદિર એ જાહેર તેમ જ લક્ષણયુક્ત મકાન હોઈ તેને શોધતાં વાર ન લાગે અને જ્ઞાનભંડારોની જેમ પાષાણમયી મૂર્તિઓને સ્થાનાંતર કરવામાં મુશ્કેલીનો પ્રશ્ન હોઈ તેનું ગોપન નજીકમાં નજીક સ્થાનમાં થાય એ જ ઇષ્ટ હોવાથી તેને માટે ગુપ્ત સ્થાનો યોજવાની ફરજ પડી; જ્યારે જ્ઞાનભંડાર રાખવાના સ્થાનની ખાસ ઓળખ ન હોવાથી તેમ જ પ્રસંગવશાત્ તેને સ્થાનાંતર કરવામાં કશોય મુશ્કેલીભર્યો પ્રશ્ન ન હોવાથી તેને માટે તેવાં ગુપ્ત સ્થાનો રચવાની આવશ્યકતા સ્વીકારાઈ નથી. આમ છતાં એમ માનવાનું નથી કે ભંડારોને સુરક્ષિત રાખવા માટે તેવી યોજના કરવામાં નહોતી જ આવતી. આના ઉદાહરણરૂપે આપણી સમક્ષ **જેસલમેરનો** કિલ્લો વિદ્યમાન છે, જેમાંના મકાનમાં ત્યાંના ભંડારને સુરક્ષિત રીતે રાખવામાં આવ્યો છે. આચાર્ય **સિદ્ધસેન** માટે એમ સાંભળવામાં આવે છે કે તેમણે ગુપ્ત સ્તંભને ઔષધી વડે ઉઘાડી તેમાંથી મંત્રામ્નાયનાં કેટલાં ઉપયોગી પુસ્તકો બહાર કાઢ્યાં અને સ્તંભ અચાનક જમીનમાં ઊતરી ગયો. આવા—બહુરૂપીબજાર અને મૃગલોચના નવલકથામાં વર્ણવાયેલ તલેરમાતી મકાનો જેવા—ગુપ્ત સ્તંભો કે મકાનો, એ સદાને માટે ઈરાદાપૂર્વક અદશ્ય કરવાનાં મંત્રસંગ્રહ જેવાં પુસ્તકો માટે ભલે ઉપયોગી ગણાય, અન્ય પુસ્તકસંગ્રહના રક્ષણ માટે, જેનો અધિકારી આખો સમાજ છે, આવા સ્તંભો કે મકાનો ઉપયોગી ન જ હોઈ શકે.

બીજા વિભાગમાં વરસાદની જલમિશ્રિત શરદી, ઉધેઈ, ઉંદર આદિનો સમાવેશ થાય છે. ઉધેઈથી જ્ઞાનભડારનું રક્ષણ કરવા માટે પુસ્તક મૂકવાની પેટી, મજૂસ કે કબાટ આદિની આસપાસ ધૂળ–કચરો ન વળવા દેવો તેમ જ જમીનથી અદ્ધર રહે તેમ પેટી આદિ રાખવાં, અને ઉંદરથી બચાવવા માટે, જેમાં પુસ્તકો રાખવામાં આવતાં હોય તેમાં, ઉંદર પેસી જાય તેવી પોલાણ કે રસ્તો ન હોવો જોઈએ, એ સૌ કોઈ જાણતું હોય છે. પરંતુ પુસ્તકને શરદીથી કેમ બચાવવું? ચોંટી જવાનો સંભવ હોય તેવા પુસ્તકને કેમ રાખવું? ચોંટી ગયેલ પુસ્તકને કેમ ઉખાડવું?–ઇત્યાદિ બાબતોથી તો આજકાલનો **જૈન** મુનિવર્ગ પણ લગભગ અજાણ છે, એટલે તેને લગતી બાબતની નોંધ કરવી વધારે આવશ્યક છે.

**પુસ્તકનું શરદીથી રક્ષણ**—હસ્તલિખિત પુસ્તકોની શાહીમાં ગુંદર પડતો હોવાથી વરસાદની જલમિશ્રિત શરદી લાગતાં તે ચોંટી જાય છે. માટે શરદીથી અથવા ચોંટવાથી બચાવવા માટે તેને મજબૂત રીતે બાંધીને રાખવાં જોઈએ. **જૈન** મુનિઓમાં એક કહેવત પ્રસિદ્ધ છે કે "પુસ્તકને શત્રુની જેમ મજબૂત બાંધવું." આનો અર્થ એ છે કે મજબૂત બંધાયેલ પુસ્તકમાં શરદી પ્રવેશવા ન પામે. અધ્યયનાદિ માટે જે પુસ્તક બહાર રાખ્યું હોય તેનાં આવશ્યકીય પાનાં છૂટાં રાખી બાકીનાને બાંધીને જ રાખવું. બહાર રાખેલ પાનાંને પણ વધારે પડતી હવા ન લાગે તે માટે કાળજી રાખવી. **જૈન** હસ્તલિખિત ભંડારના કાર્યવાહકો ચોમાસામાં ભંડારને ઉઘાડતા નથી, તેનું કારણ પણ પુસ્તકોને હવા ન લાગે એ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોંટી જતાં પુસ્તકો માટે**—કેટલાંક પુસ્તકોની શાહીમાં શાહી બનાવનારની અણસમજ અથવા ધૂર્તતાને લીધે ગુંદર વધારે પ્રમાણમાં પડી જવાથી સહજ માત્ર શરદી લાગતાં તેનાં પાનાં ચોંટી જવાનો ભય રહે છે. તેવાં પુસ્તકોના દરેક પાના ઉપર ગુલાલ છાંટી દેવો, ભભરાવવો, એટલે તેના ચોંટવાનો ભય અલ્પ થઈ જશે.

**ચોંટી ગયેલ પુસ્તક માટે**—કેટલાંક પુસ્તકોને વધારે પ્રમાણમાં શરદી લાગવાથી તે ચોંટીને રોટલા જેવાં થઈ જાય છે. તેવા પુસ્તકને ઉખેડવા માટે પાણિયારામાંની સૂકી જગ્યામાં અથવા પાણી ભર્યા બાદ ખાલી કરેલ ભીનાશ વિનાની પણ પાણીની હવાવાળી માટલી કે ઘડામાં જલમિશ્રિત શરદી લાગે તેમ મૂકવું. હવા લાગ્યા પછી ચોંટી ગયેલ પાનાંને ધીરે ધીરે ઉખાડવાં. જો વધારે ચોંટી ગયેલ હોય તો તેને વધારે પ્રમાણમાં શરદી લાગ્યા પછી ઉખાડવાં, પણ ઉખાડવા માટે ઉતાવળ ન કરવી. આ સિવાય એ પણ એક ઉપાય છે કે જ્યારે ચોમાસામાં પુષ્કળ વરસાદ વરસતો હોય ત્યારે ચોંટી ગયેલ પુસ્તકને મકાનમાં ખુલ્લું મૂકી દેવું, અને હવા લાગ્યા પછી ઉપરની જેમ ઉખાડવું. ફેર ચોંટી ન જાય માટે તેના દરેક પાના ઉપર ગુલાલ છાંટી દેવો. આ ઉપાય કાગળના પુસ્તક માટે છે.

તાડપત્રીય પુસ્તક ચોંટી ગયું હોય તો એક કપડાને નીતરે તેમ પાણીમાં ભીંજવી તેને પુસ્તકની આસપાસ લપેટવું. જેમ જેમ પાનાં હવાતાં જાય તેમ તેમ ઉખાડતા જવું. તાડપત્રીય પુસ્તકની શાહી પાકી હોવાથી તેની આસપાસ નીતરતું કપડું લપેટતાં તેના અક્ષરો ભૂંસાવાનો કે ખરાબ થવાનો જરા પણ ભય રાખવો નહિ. પરંતુ ઇરાદાપૂર્વક અક્ષર ઉપર ભીનું કપડું ઘસવું નહિ. પાનાં ઉખાડતી વેળાએ પાનાની શ્લક્ષ્ણ ત્વચા એકબીજા પાના સાથે ચોંટીને તૂટી ન જાય તે માટે સાવધાનતા રાખવી.

આ સિવાય જ્ઞાનભંડાર રાખવાનાં સ્થાનો ભેજ રહિત તેમ જ ચોમાસામાં પાણી ન પડે તેવાં હોવાં જોઈએ એ જગવિદિત છે. પુસ્તકોનું રક્ષણ શાથી શાથી કરવું એ માટે કેટલાંક લિખિત પુસ્તકોના અંતમાં જુદી જુદી જાતનાં સંસ્કૃત પદ્યો લખેલાં હોય છે, જે ઉપયોગી હોવાથી આ ઠેકાણે ઉતારું છું :—

जले रक्षेत् स्थले रक्षेत् रक्षेत् शिथिलबन्धनात् ।
मूर्खहस्ते न दातव्या एवं वदति पुस्तिका ॥
अग्ने रक्षेत् जलाद् रक्षेत् मूषकेभ्यो विशेषतः ।
कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥
उदकानिलचौरेभ्यो मूषकेभ्यो हुताशनात् ।
कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥
भग्नपृष्ठकटिग्रीवं वक्रदृष्टिरधोमुखम् ।
कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥

**જ્ઞાનપંચમી**—અહીં પ્રસંગોપાત્ત જણાવવું જોઈએ કે કાર્તિક શુકલ પંચમીને **જ્ઞાનપંચમી** તરીકે ઓળખાવી દરેક શુકલ પંચમી કરતાં તેનું માહાત્મ્ય વધારેમાં વધારે ગાવામાં આવ્યું છે. તેનું યુક્તિસંગત કારણ હોય તો તે એ જ છે કે વર્ષાઋતુમાં જ્ઞાનભંડારોમાં પેસી ગયેલ સ્નિગ્ધ હવા પુસ્તકોને બાધકર્તા ન થાય અને પુસ્તકો સદાય પોતાની સ્થિતિમાં કાયમ રહે તે માટે તેને તાપ ખવાડવો જોઈએ. તેમ જ, ઉપર જણાવવામાં આવ્યું તેમ, ચોમાસાની ઋતુમાં ભંડારો બંધબારણે રાખેલ હોઈ તેની આસપાસ વળેલ ધૂળ-કચરો સાફ કરવો જોઈએ, જેથી ઉધેઈ આદિ લાગવાનો પ્રસંગ ન આવે. આ બધું કરવા માટે સૌથી સરસ, અનુકૂળ અને વહેલામાં વહેલો સમય કાર્તિક માસ જ છે.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

કારણ કે આ સમયે, શરદ્ઋતુની પ્રૌઢાવસ્થા હોઈ, સૂર્યનો પ્રખર તાપ અને ભેજવાળી હવાનો તદ્દન અભાવ હોય છે. વિશાળ જ્ઞાનભંડારોના હેરફેરનું આ કાર્ય સદાય અમુક વ્યક્તિને કરવું ખેદજનક તથા અગવડતાભર્યું થાય, જાણી કુશળ શ્વેતાંબર જૈનાચાર્યોએ કાર્તિક શુક્લ પંચમી (જ્ઞાનપંચમી)ને દિવસે પ્રાપ્ત થતી અપૂર્વ જ્ઞાનભક્તિનું રહસ્ય, તેનાથી મળતા લાભો આદિ સમજાવી તે તિથિનું માહાત્મ્ય વધારી દીધું, અને લોકોને જ્ઞાનભક્તિ તરફ વાળ્યા. લોકો પણ તે દિવસને માટે ગૃહવ્યાપારનો ત્યાગ કરી યથાશક્ય આહારાદિકનો નિયમ, પૌષધવ્રત આદિ સ્વીકારી, જ્ઞાનરક્ષાના પુણ્ય કાર્યમાં ભાગીદાર થવા લાગ્યા. જે ઉદ્દેશથી ઉક્ત તિથિનું માહાત્મ્ય ગાવામાં આવ્યું, તેને તો અત્યારે અભરાઈ ઉપર મૂકવામાં આવ્યો છે. અર્થાત્ પુસ્તકભંડારો તપાસવા, ત્યાંનો કચરો સાફ કરવો, પુસ્તકોને તડકો દેખાડવો, બગડી ગયેલ પુસ્તકો સુધારવાં, તેમાં જીવડાં ન પડે તે માટે મૂકેલ ઘોડાવજના ભૂકાની નિર્માલ્ય પોટલીઓ બદલવી આદિ કશું જ ન કરતાં માત્ર "સાપ ગયા ને લીસોટા રહ્યા" એ કહેતી પ્રમાણે આજકાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તીવાળાં ઘણાંખરાં નાનાંમોટાં નગરોમાં થોડાંઘણાં જે હાથમાં આવ્યાં તે પુસ્તકોની આડંબરથી સ્થાપના કરી તેના પૂજા–સત્કાર આદિથી જ કૃતકૃત્યતા માનવામાં આવે છે.

ઉપરોક્ત જ્ઞાનપંચમી તિથિના માહાત્મ્યના ખરા રહસ્યને અને તે દિવસના કર્તવ્યને વિસારવાને કારણે આપણા ઘણાંય સ્થળોના કીમતી પુસ્તકસંગ્રહો ઉધેઈ આદિના ભક્ષ્ય બન્યા છે, જેનું તાજું ઉદાહરણ **સુરત**ના **વડાચૌટા**ના ઉપાશ્રયમાં મૂકેલ પૂજ્ય શ્રી ૧૦૮ શ્રી. **મોહનલાલજી** મહારાજના શિષ્ય મુનિરાજ **શ્રી જયમુનિજી**નો પુસ્તકસંગ્રહ છે, જે તપાસ કરાયા સિવાય પટારામાં પુરાઈ રહેવાથી તેમાંનાં ઘણાંખરાં પુસ્તકો જીવડાંએ એવાં કોરી ખાધાં કે જેથી તે કશાય કામનાં ન રહ્યાં!

## પ્રસ્તુત જ્ઞાનભંડાર

**સ્થાપના**—પ્રસ્તુત જ્ઞાનભંડારની સ્થાપના ક્યારે થઈ અથવા કોણે કરી એ માટેનું ઉલ્લિખિત કશું જ સાધન મળી શક્યું નથી. તેમ છતાં *વોરા **ડોસા દેવચંદ**ના વખતથી પ્રસ્તુત ભંડારનો વહીવટ અવિચ્છિન્ન રીતે ચાલ્યો આવે છે. તે પહેલાંનાં લીંબડીમાં લખાયેલાં કેટલાંક પુસ્તકો ભંડારમાં દેખાય છે એ ઉપરથી એમ કહી શકાય કે આ ભંડાર તેમના પહેલાંના સમયનો છે. ભંડારમાં જે પુસ્તકો વિદ્યમાન છે એ—**લીંબડી**નગર સ્થાનકવાસી સંપ્રદાયનું પાટનગર હોઈ તેમની સાથેની ચર્ચામાં વારંવાર પુસ્તકોની જરૂરત જણાયાથી–મુનિવર્ગનાં મૂકેલાં હોવાનો સંભવ વધારે છે. એ પણ સંભવ છે કે કદાચ શેઠ **ડોસા દેવચંદ** પોતાની લાગવગવાળા કોઈ સ્થળના પુસ્તકસંગ્રહને લાવ્યા હોય. અહીં એટલું જણાવવું જોઈએ કે શેઠ **ડોસા દેવચંદ** આદિની જ્ઞાનભંડાર પ્રત્યે હાર્દિક લાગણી હોવા છતાં તેમણે પુસ્તકો લખાવવામાં નજીવો જ અર્થવ્યય કર્યો છે. એ વાત એટલા ઉપરથી કહી શકાય છે કે આખા ભંડારમાં **ડોસા** વહોરા અને તેમના વંશજનાં લખાવેલાં માત્ર બે–ચાર પુસ્તકો જ નજરે આવે છે, અને તે પણ **સૂત્રકૃતાંગનિર્યુક્તિ** જેવાં નાનાં નાનાં.

પ્રસ્તુત જ્ઞાનભંડારને જેટલા વિસ્તારમાં અત્યારે આપણે જોઈએ છીએ તેટલો વિશાળ તે વખતે ન હોય એ સ્વાભાવિક છે. ક્યારે ક્યારે કોના તરફથી ભંડારમાં પૂર્તિ કરવામાં આવી, એ સંબંધી પૂર્ણ હકીકત મળી નથી, તેમ તેવી આશા પણ ન રાખી શકાય. ચાલુ શતાબ્દીમાં સં. ૧૯૨૦ માં

* વોરા ડોસા દેવચંદ અને તેમના વંશજોનો ટૂંક પરિચય "પુરવણી"માં કરાવાશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખરતરગચ્છીય** શ્રીમાન **ઋદ્ધિસાગરજી** મહારાજ અહીં આવ્યા ત્યારે તેમના કહેવાથી શ્રીસંઘે કેટલુંક પુસ્તક વેચાણ લઈ ઉમેર્યું છે. તથા સં. ૧૯૭૯–૮૩ માં **અંચલગચ્છ, પાયચંદગચ્છ,** શ્રીમાન **વિનોદવિજયજી** મહારાજ અને સાધ્વીજી **શ્રી નેમશ્રી**જી આદિના પુસ્તકસંગ્રહોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

ભંડારમાં તાડપત્રીય જે પ્રતો છે તે શેઠ **ડોસા દેવચંદ,** પોતાના ભાગીદાર સ્થાનકવાસી મહેતા **ડોસા ધારસી** ખંધાર સાથેની ચર્ચાને પ્રસંગે પાંચસો (૫૦૦) રૂપિયા ડિપૉઝિટ મૂકીને **પાટણના સંઘવી**ના પાડાના તાડપત્રીય પુસ્તકભંડારમાંથી લાવેલા છે. આ વાત જેમ અહીં પ્રસિદ્ધ છે, તેમ **પાટણના** તે ભંડારના રક્ષક પટવાઓ પણ તે ડિપૉઝિટ પોતાની પાસે હોવાનું કબૂલે છે. આ રૂપિયા શેઠ **ડોસા દેવચંદ**ના પોતાના કે **લીંબડી** શ્રીસંઘના તે, કોઈ જાણતું નથી.

**વહીવટ**—જ્ઞાનભંડારનો વહીવટ શેઠ **ડોસા દેવચંદ**થી લઈ આજ સુધી તેના વંશજો કરતા હતા. સં. ૧૯૪૬માં તે સંઘની સત્તા નીચે સોંપાયો. સંઘની સત્તામાં આવ્યા પહેલાં અને પછી પણ ભંડારને સુધારવાને બહાને, તેની ટીપ કરવાને બહાને અગર વાંચવા લેવાને બહાને વહીવટ કરનારના વિશ્વાસનો અથવા તેમની અણસમજનો લાભ લઈ કોઈ કોઈ મહાશયોએ પુસ્તકો અસ્તવ્યસ્ત કર્યાના તેમ જ પાછાં નહીં આપ્યાના અવશેષો જોવામાં આવે છે. **આચારાંગચૂર્ણી** આદિ પ્રતિઓ અર્ધી બાકી રહેલ છે, **નંદીચૂર્ણી, શ્રાદ્ધવિધિ** આદિ પુસ્તકો સર્વથા નથી, સ્વર્ણાક્ષરી **ભગવતીસૂત્ર** હરાઈ ગયું છે અને **લિંગાનુશાસન** સ્વોપજ્ઞ ટીકા પુસ્તકના અંતિમ પાનાને રાખી બાકીનું પુસ્તક ચોરી લઈ તેના બદલે કોઈ રાસનાં તેટલાં પાનાં જોડી દીધાં છે. શ્રીમાન **ઋદ્ધિસાગરજી** તેમ જ પ્રૉફેસર **રવજી દેવરાજ**કૃત ટીપો જોતાં ઘણુંય પુસ્તકો અસ્તવ્યસ્ત થયાં જણાય છે.

**સ્થાન**—આજ સુધી ભંડાર સંવેગીના ઉપાશ્રયમાં રહેતો હતો. પાછલાં કેટલાંક વર્ષ થયાં તેને નવા મંદિરમાં રાખવામાં આવ્યો હતો. હાલ તેને જૂના દેરાસરના ઉપરના ભાગમાં બનાવેલ **જ્ઞાનમંદિર**માં રાખેલ છે. આ **જ્ઞાનમંદિર** બંધાવવા માટે **લીંબડી** નિવાસી દશાશ્રીમાળીજ્ઞાતીય પુણ્યાત્મા શેઠ **ભગવાનદાસ હરખચંદે** પોતાનાં માતુશ્રી **દીવાળીબાઈ**ના શ્રેયાર્થે રૂ. ૫૧૦૧ આપેલ છે.

**વ્યવસ્થા**—પ્રારંભમાં પુસ્તકોની રક્ષા માટે તેને કાગળના તેમ જ લાકડાના ડબ્બામાં મૂકી, તે ડબાઓને સુતરાઉ પડ સાથે એવડાં સીવેલ મશરૂનાં બંધનોથી સારી રીતે બાંધી મજૂસમાં રાખેલ હતાં. દરેક ડબામાં જીવડાં ન પડે તે માટે ઘોડાવજના ભૂકાની પોટલી રાખવામાં આવેલી હતી. ગ્રંથનો વિભાગ જાણવા માટે ત્યારે શી વ્યવસ્થા હતી તે કહેવાય નહિ, પરંતુ સંભવતઃ જેમ અન્ય પ્રાચીન ભંડારોમાં ગ્રંથોનો વિભાગ જાણવા માટે કાચા સૂતરના દોરાથી તેને બાંધેલ હોય છે, તેમ આમાં પણ હોવું જોઈએ. સં. ૧૯૫૪ માં પૂજ્ય **શ્રીમદ્વિજયાનંદસૂરિ (આત્મારામજી)** મહારાજના પ્રશિષ્ય **શ્રીમદ્ વિજયકમલસૂરિ** ( તે સમયના કમલવિજયજી ) મહારાજશ્રીએ ચોમાસું કર્યું ત્યારે તેમણે એટલો સુધારો કર્યો કે દરેક ગ્રંથને ઓળખવા માટે તેને પ્રતની જાડાઈ–પહોળાઈ પ્રમાણનાં ચાર આંગળ લાંબાં કવરો ગુંદરથી ચોડી બલૈયાની જેમ ચડાવી તેના ઉપર તે તે ગ્રંથનું નામ, પત્રસંખ્યા, તેનો નંબર અને ડાબડાનો નંબર લખવામાં આવ્યો. અનુક્રમે પુસ્તકસંગ્રહને મજૂસને બદલે કબાટમાં રાખવામાં આવ્યું. અંતિમ વ્યવસ્થા થયા પહેલાંનો આ સાધારણ ઇતિહાસ છે.

આ અનુક્રમે થતી આવેલ વ્યવસ્થામાં બે મોટી ત્રુટિઓ હતી : એક તો એ કે જે ડાબડામાં પુસ્તકો રાખવામાં આવેલ હતાં, તે ડાબડા ઘણાખરા તેમાં મૂકેલ પુસ્તકો કરતાં સવાયા લાંબા–પહોળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા, જેથી જેટલી વાર પુસ્તકો લેવા–મૂકવા માટે તેને બહાર કાઢવામાં આવે તેટલી વાર તેમાંનાં જીર્ણ પુસ્તકો ભાંગીને ભૂકો થઈ જતાં એટલું જ નહિ, પરંતુ જે સારી સ્થિતિમાં હતાં તે પણ અકાળે નાશના મુખમાં પહોંચતાં હતાં. બીજી એ કે પ્રતો ઉપર જે કવરો ચડાવેલ હતાં તે ગુંદરથી ચોંટાડેલ હોઈ તેને બહાર કાઢીને પુનઃ ચડાવવા જતાં, ચડાવનાર કુશળતાથી ચડાવે તથાપિ આદિ–અંતનાં પાનાં ફાટી જતાં; અને આ રીતે ઘણીયે સારામાં સારી પ્રતોનાં આદિ–અંતનાં કેટલાંય પાનાં જીર્ણ થઈ ગયાં છે. આ સિવાય વાંચવા આપેલ પુસ્તકો વાંચનારની બેફાળજીને લીધે અથવા પાછાં આવ્યા પછી તેને યથાસ્થાન મૂકવાની વહીવટદારની કાળજીને અભાવે કેટલાંક પુસ્તકો અને કેટલાંએક પુસ્તકોનાં પાનાંઓ અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. તેમ જ અન્ય ગચ્છનાં પુસ્તકો, તેના ખાસ રક્ષક કોઈ ન રહેવાથી, સંઘની સત્તામાં આવ્યા બાદ અવ્યવસ્થિત દશામાં પડ્યાં હતાં.

ઉપરોક્ત કારણોને લીધે ભંડારની વ્યવસ્થા પુનઃ થાય એ આવશ્યક હોવાથી સં. ૧૯૭૯માં પ્રવર્તકજી મહારાજ શ્રી **કાંતિવિજયજી**એ ચોમાસું કર્યું ત્યારે મારા પૂજ્ય ગુરુ શ્રી **ચતુરવિજયજી** મહારાજે ભંડારને વ્યવસ્થિત કરવાનું કાર્ય શ્રીસંઘની સમ્મતિથી હાથ ધર્યું. આ વખતની વ્યવસ્થામાં ભંડારમાંની દરેક પ્રતિનાં પાનાં ગણી, એકબીજી પ્રતોમાં પેસી ગયેલ પાનાંને યથાસ્થાન ગોઠવી, તેને પ્રતિપ્રમાણ કાગળનાં કવરો વીંટાળી, તેના ઉપર નામ, પત્ર, નંબર આદિ લખવામાં આવેલ છે. દરેક પુસ્તક દીઠ અને નાનાં નાનાં બે-ચાર પુસ્તકો દીઠ બે પાટીઓ તેની સાથે ચોડેલ ફીતાથી બાંધેલ છે. તેના ઉપર ભંડારના નામનું છાપેલું લેબલ ચોડી તેમાં પણ પુસ્તકનું નામ, પત્રસંખ્યા અને નંબર લખવામાં આવેલ છે. આ કાર્ય કરવામાં મુનિ **શ્રી જસવિજયજી**, મુનિ **શ્રી નાયકવિજયજી** તથા મુનિ **શ્રી મેઘવિજયજી**એ ઘણી સહાય કરી છે. આ પુસ્તકોને તેના માપના ડાબડાઓમાં મૂકી તેને સુંદર, મજબૂત અને હવાનો સંચાર ન થાય તેવા કબાટોમાં રાખવામાં આવેલ છે. ઉપરોક્ત સઘળી વ્યવસ્થા માટે **વઢવાણકૅમ્પ**નિવાસી વીસાશ્રીમાળીજ્ઞાતીય ધર્માત્મા શેઠ **મગનલાલ વાઘજી**એ રૂ. ૨૫૦૧ આપ્યા છે, જેનું અનુકરણ **જૈન** સમાજની ઇતર વ્યક્તિઓ કરે એમ આપણે ઇચ્છીશું.

**ટીપ**—પ્રારંભમાં ભંડારની ટીપ હતી કે નહિ તે જણાયું નથી. તેમ કોઈ વૃદ્ધ પુરુષને પણ તે સંબંધી કશી ખબર નથી. છતાં આપણે એટલું સહેજે કલ્પી શકીએ છીએ કે આવડા વિશાળ ભંડારની ટીપ ન હોય એમ બની જ ન શકે. અસ્તુ અત્યારે તો સં. ૧૯૨૦ માં **ખરતરગચ્છીય** શ્રીમાન **ઋદ્ધિસાગરજી**એ તથા સં. ૧૯૬૦ ની આસપાસમાં **જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ** તરફથી આવેલ પ્રોફેસર શ્રીયુત **રવજી દેવરાજે** કરેલી ટીપો વિદ્યમાન છે. શ્રીમાન **ઋદ્ધિસાગરજી**ની ટીપ કરતાં પ્રોફેસર મહાશયની ટીપ વધારે મહત્ત્વવાળી છે; કારણ કે તેમાં તેઓએ ગ્રંથનું નામ, પત્ર, ભાષા, કર્તા, શ્લોકસંખ્યા, ગ્રંથરચાયા–લખાયાની સાલ આદિ સર્વ માહિતી આપી છે, જ્યારે **ઋદ્ધિસાગરજી**ની ટીપમાં માત્ર ગ્રંથનું નામ અને પત્રસંખ્યા સિવાય કાંઈ જ નથી. છેલ્લી ટીપ મારા પૂજ્ય ગુરુશ્રીએ કરી છે. આ ટીપ કેવી થઈ છે? તેમ જ અપ્રાસંગિક હોવા છતાં એ પણ કહી દઉં કે આ વેળાની ભંડારવ્યવસ્થા કેવી થઈ છે?—એ પરીક્ષાનું કાર્ય હું માથે ન રાખતાં તેના પરીક્ષકોને જ સોંપી વિરમું છું.

**પુસ્તકો**—ભંડારમાં કાગળનાં અને તાડપત્રનાં એમ બે જાતનાં પુસ્તકો છે. તાડપત્રીય ૭ પ્રતો સિવાય બાકીનાં બધાંય પુસ્તકો કાગળ ઉપર લખેલાં છે. કાગળનાં પુસ્તકોમાં વધારેમાં વધારે લાંબી પ્રતિ **प्रवचनसारोद्धारसटीक**ની છે. તેની લંબાઈ ૧૭¾ ઇંચની અને પહોળાઈ ૪¾ ઇંચની છે. **તાડપત્રીય પ્રતોમાં ज्ञाताधर्मकथांग અને તેની टीका**ની પ્રતિ લાંબી છે. આની લંબાઈ ૩૩¾ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોળાઈ ૨૬ ઇંચની છે. કાગળનાં પુસ્તકોમાં સૌથી પ્રાચીન પ્રતિ प्रवचनसारोद्धारसटीक ની છે, જેની લંબાઈ–પહોળાઈ ઉપર નોંધવામાં આવી છે. આના અંતમાં લખ્યાનો સંવત નથી, પણ તેની લિપિ આદિ જોતાં તે ચૌદમા સૈકામાં લખાયેલી જણાય છે. તાડપત્રીય પુસ્તકોમાં ज्ञाताधर्मकथांग અને તેની ટીકાની પ્રતિ પ્રાચીન છે. આના અંતમાં પણ લખ્યાની સાલ નથી. ભંડારમાં સ્વર્ણાક્ષરી બે પ્રતો છે, તે સિવાય બધાં પુસ્તકો કાળી શાહીથી લખેલાં છે. લાલશાહીનો ઉપયોગ કાગળનાં કેટલાંએક પુસ્તકોમાં થયેલ છે, પરંતુ તે શોભા નિમિત્તે અથવા ગ્રંથના મુખ્ય વિભાગો ધ્યાનમાં આવે તેટલા ખાતર જ, તેથી વિશેષ નહિ. બધાંય પુસ્તકો જૈન દેવનાગરી લિપિમાં લખેલાં છે. કાગળની પ્રતો [૧૪]ત્રિપાઠ, પંચપાઠ અને શૂઢ એમ ત્રણે પ્રકારે લખેલી છે. ભંડારમાં પ્રાકૃત, સંસ્કૃત, ગૂજરાતી, હિંદી જૈન–જૈનેતરના દરેક વિષયના જે જે ગ્રંથો વિદ્યમાન છે, તેનો વિસ્તૃત પરિચય મેળવવા ઇચ્છનારને પ્રસ્તુત લિસ્ટમાંનું ત્રીજું પરિશિષ્ટ જોવા ભલામણ છે.

## દર્શનીય વિભાગ

ભિન્ન ભિન્ન દૃષ્ટિએ જોવા ઇચ્છનાર માટે ભંડારમાં શું શું દર્શનીય છે, તેનો નિર્ણય તેઓ પોતે જ કરે એ ઠીક ગણાય. માત્ર જેઓ ટૂંક મુદતમાં ભંડારનું સ્થૂલ દર્શન કરવા ઇચ્છતા હોય તેમને માર્ગદર્શક થાય તેવી તેમાંના વિશિષ્ટ તેમ જ દર્શનીય વિભાગની નોંધ અહીં કરવામાં આવે છે.

**શુદ્ધ ગ્રંથો**—ભંડારમાં જે કેટલાએક ગ્રંથો વિદ્વાન મુનિવરોએ સુધારેલા જોવામાં આવે છે, તે સૌમાં વધારે મહત્ત્વના ગ્રંથો કેટલાક જૈન છેદસૂત્રની ભાષ્ય–ચૂર્ણીની પ્રતો છે, જે અન્ય ભંડારોમાં આટલી શુદ્ધ દુર્લભ્ય છે. ઉપરોક્ત છેદસૂત્રોની પ્રતિઓમાં जीतकल्पभाष्यની પ્રતિ શુદ્ધતમ છે. દૃષ્ટિ-દોષથી રહી ગયેલ અશુદ્ધિને અશુદ્ધિ ન ગણીએ તો "આ પ્રતિમાં ભૂલ જ નથી" એમ માનવામાં જરાય અતિશયોક્તિ નથી. આ અપેક્ષાએ पंचकल्पभाष्यचूर्णी આદિ ગ્રંથો ઊતરતા જ ગણાય. છતાં તેમાં વિદ્વાન મુનિઓનો હાથ ફરેલો છે.

આ છેદ ગ્રંથો સિવાય નં. ૧૨માં દિગંબર આચાર્ય **વિદ્યાનંદ**સ્વામિકૃત प्रमाणपरीक्षा ગ્રંથની પ્રતિ છે, જે શુદ્ધતમ હોવા સાથે આકર્ષક શોધનશૈલિથી અલંકૃત છે. આ પ્રતિ **જીતકલ્પ-ભાષ્ય**ની પ્રતિને ઝાંખી કરી દે તેવી છે. ઠેકઠેકાણે વિશાળ ટિપ્પણી, પાઠાંતરો, પ્રમાણશાસ્ત્રીય ગ્રંથોમાં આવતી લાંબી ચર્ચામાં દૂર દૂર સુધી વારંવાર આવતા तत् શબ્દના અર્થની ગૂંચો ટિપ્પણ કર્યા સિવાય ઉકેલવા માટે કરેલ વિવિધ ચિહ્નો ઇત્યાદિ તે પ્રતિના શોધકની અદ્વિતીય નિપુણતાનો વાચકને ખ્યાલ ત્યારે જ આવી શકે કે જ્યારે તે પ્રતિને પોતે સાક્ષાત્ હાથમાં લઈને જુએ. આ સિવાય तित्थोगाली, धातुपारायण આદિ ઘણાય ગ્રંથો સુધારેલા છે, પણ તે દૃષ્ટિએ સંપૂર્ણ તપાસ કરેલ ન હોઈ કેટલા ગ્રંથો સુધારેલા છે તે કહી શકાય નહિ.

ઉપરોક્ત ગ્રંથોના અંતમાં તેના શોધકોએ પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી, જેમ નં. ૫ उतराध्ययन लघुवृत्ति, नं. ६ आवश्यक टिप्पन, नं. ११ बृहत्कर्मस्तववृत्तिના અંતમાં તેના શોધક

---

૧૪ વચમાં મૂળ ગ્રંથ અને ઉપર નીચે તેની ટીકા એમ ત્રણ વિભાગમાં લખાતા પુસ્તકને ત્રિપાઠ તથા વચમાં મૂળ ગ્રંથ અને ઉપર નીચે તેમ જ બે બાજુના માર્જીનમાં તેની ટીકા એમ પાંચ વિભાગમાં લખાતા પુસ્તકને પંચપાઠ કહેવામાં આવે છે. ત્રિપાઠ–પંચપાઠરૂપમાં સટીક ગ્રંથો જ લખી શકાય છે. આ રીતે લખાયેલ પુસ્તકોમાં મૂળ ગ્રંથ અને તેની ટીકાનો વિભાગ કરવાનો શ્રમ દૂર થઈ જાય છે. હાથીની સૂંઢની જેમ વિભાગ પાડ્યા સિવાય સળંગ લખેલ પુસ્તકને શૂઢ તરીકે ઓળખવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેજોરાજ**ગણિએ કર્યો છે. નં. ૬ પ્રતિના અંતમાં નીચે પ્રમાણે લખેલ છે:

लिखितं ले. नेमाकेन ॥ सुविहितशिरःशिरोमणि–दुर्वादिवृन्दतम. परासननभोमणिसमग्रविद्यापण्यविपणिश्रीतपोरत्नोपाध्यायशिष्यतेजोराजगणिना स्वान्योपकृतये शोधितं पुस्तकमिदं वाच्यमानं चिरं नन्दतु ॥

નં. ૧૧ પ્રતિમાં આને મળતો જ ઉલ્લેખ છે. માત્ર અંતમાં એટલું ઉમેરવામાં આવ્યું છે કે "वा०तेजोराजगणि पुस्तकमिदम् ॥"આ પ્રતિમાં શોધકે ઘણી જ ટિપ્પણી કરી છે. **ઉત્તરાધ્યયન લઘુવૃત્તિ**ના અંતમાં શ્લોકબદ્ધ પ્રશસ્તિ છે, જે વિસ્તારના ભયથી જતી કરવામાં આવે છે. આ **તેજોરાજગણિ** સોળમી શતાબ્દીમાં વિદ્યમાન હતા. તેમના હસ્તાક્ષર જોવા ઇચ્છનારે **નં. १६** भवभावना प्रकरणની પ્રતિ જોવી, તેના અંતમાં નીચેનો ઉલ્લેખ છે :

भवभावनाप्रकरणं समाप्तं । संवत् १५६५ वर्षे चैत्र सुदि २ दिने गुरुवारे श्रीतिमिरपुर्यां श्रीतपोरत्नोपाध्यायेन्द्राणां शिष्य वा० तेजोराजगणिभिरऽलेखि ॥ शुभमस्तु लेखकवाचकयोः ॥

**સ્વર્ણાક્ષરી પ્રતો**—नं. ३४११માં કલ્પસૂત્રની સચિત્ર સ્વર્ણાક્ષરી પ્રતિ છે. તેનાં પાનાં ૯૬ છે. લિપિ મનોહર છે. પણ તેમાં સ્વર્ણનું પ્રમાણ મધ્યમ હોવાથી લિપિ જેટલા પ્રમાણમાં ઝળકવી જોઈએ તેટલા પ્રમાણમાં ઝળકતી નથી. આ દૃષ્ટિએ તો આ પ્રતિ મધ્યમ જ ગણાય. પ્રતિના અંતમાં નીચેની પ્રશસ્તિ છે :

कल्पाध्ययनमष्टमं श्रीभद्रबाहुस्वामिभिः प्रत्याख्यानपूर्वान्निर्यूढं दशाश्रुतस्कन्धमध्यगतम् ॥ ग्रंथाग्रं १२१६ ॥ संवत् १५१४ वर्षे । माघ सुदि २ सोमे । मंत्रि देवालिखितं ।

॥द०॥ प्राग्वाटान्वयशेखरो[ऽ]जनि बरो: मन्त्रीश्वरः केशवः । तत्पत्नी जिनधर्म्मभक्तिचतुरा संशोभते देमतिः । तत्पुत्रो गुणराजमन्त्री निपुणः पासादिपुत्रान्वितो । भार्यारूपिणिराजितो विजयते लक्ष्मीयुतो धर्म्मवान् ॥१॥ तेन मातृप्रमोदायाऽलेखि श्रीकल्पपुस्तकम् । वृद्धशाखातपोगच्छे श्रीज्ञानकलशाद् गुरोः ॥२॥ विद्यागुरोरुपाध्यायऽचरणकीर्तिपदो जुषां । विजयात् सिन्धुमिश्राणां प्रदत्तं भक्तिभाजिनः ॥३॥ श्रीपूज्य भ० श्रीविजयरत्नसूरीन्द्रगच्छाधिपे । पं० विजयसमुद्रगणीन्द्राणां दत्तं श्रीकल्पपुस्तकम् ॥

નં. ૩૪૧૨ માં અધ્યાત્મરસિક **શ્રીદેવચંદ્રજી**કૃત अध्यात्मगीता तथा शीतलजिनस्तवनની ૧૨ પાનાંની પ્રતિ પણ સ્વર્ણાક્ષરી છે. આ પ્રતિની લિપિ તેમ જ તેની ઝળક તદ્દન સાધારણ છે. પ્રતિના અંતમાં "वुहरा डोसा पठनार्थं ॥ मिती पोस शुदि ११ ॥ "એમ લખેલું છે. આ **ડોસા** વહોરા તે શેઠ **ડોસા દેવચંદ** જ સમજવા.

**ચિત્રો**—ચિત્રોના વિવિધ નમૂના જોવા ઇચ્છનારે नं. ३६५ जंबूद्वीपप्रज्ञप्तिसटीक, नं. ६७ कल्पसूत्र सचित्र, नं. ३४११ कल्पसूत्र स्वर्णाक्षरी सचित्र આ ત્રણ પ્રતો તથા नं. ३४२० वर्त्तमान–अनागत–अतीत चोवीस जिन, वीस विहरमानजिन અને सोल सतीनां चित्र, नं. १८२० नारकीनां चित्रो જોવાં.

નં. ૯૭ અને ૩૯૫ પ્રતમાં જે ચિત્રો છે તે સુંદર, ભાવવાહી અને સ્વાભાવિક છે. જેમ કેટલાંક પ્રાચીન કલ્પસૂત્રાદિ પુસ્તકોમાંનાં ચિત્રો બેઢબ્યાં અને અસ્વાભાવિક હોય છે, જેમ કે—પડખાભર ઊભેલ માણસ આદિના એક કાન. એક આંખ આદિ શરીરનાં અરધા અવયવો જોઈ શકાય, છતાં ચિત્રમાં બે આંખ, બે કાન આદિનો દેખાવ કરેલ હોય છે, તથા તેમણે પહેરેલ વસ્ત્રોનો દેખાવ એવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકૃત ચીતરેલો હોય છે કે માનો માણસોને કપડાની કોથળીમાં ગળા સુધી પૂર્યાં હોય ઇત્યાદિ. આ પ્રતોમાં તેમ નથી. સ્વર્ણાક્ષરી પ્રતિનાં ચિત્રો સુંદર હોવા છતાં સ્વાભાવિક નથી. આ સિવાય તીર્થંકરોનાં, સતીઓનાં અને નારકીનાં જે ચિત્રો છે તે સાધારણ છે અને સંભવતઃ ઓગણીસમી સદીમાં ચીતરાયેલાં છે.

અહીં ચિત્રોનો જે સુંદર-અસુંદર વિભાગ પાડવામાં આવ્યો છે, તે માત્ર મારી સ્થૂલ દૃષ્ટિએ જ. શાસ્ત્રીય ચિત્રકળાની દૃષ્ટિએ જોનાર આથી વિપરીત પણ કહે. ચહાય તેમ હો, તથાપિ ચિત્રોની અપાયેલ આ સૂચી તેમને પણ ઉપયોગી થઈ પડશે.

ઉપર જણાવ્યાથી અતિરિક્ત **સૂત્રકૃતાંગસટીક** આદિ કેટલીયે પ્રતોના આદિ–અંતમાં તીર્થંકરાદિની સુંદર મૂર્ત્તિઓ ચીતરેલી જોવામાં આવે છે. પરંતુ તે સૌની નોંધ ન લેતાં ફક્ત જુદી જુદી જાતનાં ચિત્રોના નમૂના એકીસાથે જોવા મળે તેવાની જ અહીં સૂચી આપી છે.

**સાંધેલ પુસ્તકો**—વાચકો ! તમે કદાચ દુનિયામાં ઘણુંય ફર્યા હશો અને ઘણાંય સ્થળોનાં કીમતી પુસ્તકાલયો તથા તેમાંનો દર્શનીય ગ્રંથવિભાગ આદિ જોયેલ હશે, તથાપિ **લીંબડીના જ્ઞાનભંડારમાં** વિદ્યમાન સાંધેલ પુસ્તકો જેવાં સાંધેલ પુસ્તકો જોવાની નસીબદારી તમને ક્યાંય નહીં જ સાંપડી હોય, અને એટલે જ આગ્રહ કરું છું કે તમે ક્યારે પણ **લીંબડીના** પાધરમાં થઈને પસાર થાઓ ત્યારે આ ભંડારના દર્શનીય વિભાગને અને ખાસ કરીને તેમાંનાં સાંધેલ પુસ્તકોને જોવાનું ન વીસરતા.

ભંડારમાં સાંધેલી પ્રતો પાંચ છે. તે પ્રતો ઉંદરે કરડી ખાધી હોય અથવા ચહાય તે કારણે ચોથા ભાગ જેટલી ગોળાકાર ખવાઈ ગયેલ હતી. તેને **ખરતરગચ્છીય** શ્રી **જિનહર્ષસૂરિએ** અને તેમના શિષ્યોએ સંધાવીને પુનઃ જીવતી કરી છે. પ્રતોને એટલી નિપુણતાથી સાંધવામાં આવી છે કે બુદ્ધિમાન ગણાતો માણસ પણ તેના પાનાને પ્રકાશ સામે રાખી તેની છાયાને પોતાની આંખ ઉપર લાવ્યા સિવાય તેને ક્યાં સાંધેલી છે એ એકાએક ન કહી શકે. સાંધ્યા પછી જે અક્ષરો લખવામાં આવ્યા છે તે પણ આબાદ પ્રથમના લેખકને મળતા જ છે, એટલે જોનારને જો એમ કહેવામાં ન આવે કે ‘ આ પ્રતિ સાંધેલ છે ’ તો તેને એમ ક્યારે પણ ન લાગે કે મારા હાથમાં સાંધેલ પુસ્તક આપવામાં આવ્યું છે.

આ સાંધેલ પ્રતો કાંઈ એક–બે–પાંચ પાનાં જેવડી નાની નથી, કિન્તુ નીચે જણાવવામાં આવશે તેમ હજારો શ્લોકપ્રમાણ મહાન ગ્રંથો છે. તે સૌને આદિથી અંત સુધી એકસરખી રીતે સાંધી પ્રતિપંક્તિ મૂળ લેખકને આબાદ મળતા અક્ષરો પૂરવા એ અયાંત્રિક યુગના માનવોની કળાનો અપૂર્વ આદર્શ જ ગણાય ને ?

પ્રતો અને તેના અંતના ઉલ્લેખો—

નં. ૪૦ जीतकल्पभाष्य पत्र ३८

અંતમાં—संवत् १५४४ वर्षे संधापितम् ॥

નં. ૪૧ पंचकल्पभाष्य पत्र ४५ (અંતમાં કાંઈ નથી)

નં. ૪૨ पंचकल्पचूर्णी पत्र ४३

અંતમાં—संवत् १५४५ वर्षे इदं पुस्तकं संधापितम् ।

નં. ૪૩ बृहत्कल्पचूर्णी पत्र १५७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતમાં—संवत् १५६३ वर्षे श्रीपत्तने श्रीखरतरगच्छे श्रीजिनवर्द्धनसूरिसंताने श्रीजिनहर्षसूरिशिष्यैः संधाप्यालेखि ॥

नं. ४४ निशिथभाष्य पत्र ६६.

અંતમાં—सं. १५६१ वर्षे श्रीखरतरगच्छे श्रीजिनहर्षसूरिभिः संधाप्य लेखितम् ॥ श्रीरस्तु संघाय ॥

ઉપર પ્રમાણેના અંતિમ ઉલ્લેખો પરથી એમ જોઈ શકાય છે કે સં. ૧૫૪૪ થી સં. ૧૫૬૩ સુધી અર્થાત્ છૂટક છૂટક ઓગણીસ વર્ષ સુધી પ્રતો સાંધવાની ક્રિયા ચાલુ રહી.

**લેખકની ખૂબી**—નં. ૧૧૪૯ માં योगशास्त्रप्रकाश चतुष्टयनी ૧૩ પાનાંની પ્રતિ છે. તેને લખવામાં લેખકે લાલ શાહી અને કાળી શાહીનો ઉપયોગ કર્યો છે. ગ્રંથ લખવામાં લાલ શાહીનો ઉપયોગ એવી રીતે કરેલ છે કે જેથી દરેક પૃષ્ઠમાં બે બે અક્ષરો વંચાય છે અને આખી પ્રતના અક્ષરો સળંગ કરતાં નીચે પ્રમાણે વંચાય છે—

गय वसह सीह अभिसेअ दाम ससि दिणयरं झयं कुंभं ।

पउमसर सागर विमाण भवण[15] चय

श्रीआदिनाथ श्रीमहावीर

પ્રતિના આદિ-અંતના પૃષ્ઠને છોડી બાકીનાં ચોવીસ પૃષ્ઠમાં આ પ્રમાણેના ઓગણપચાસ અક્ષરો વંચાય છે. લેખક બરાબર ઘડાયેલ ન હોવાથી જેવા સ્પષ્ટ અને સુઘડ અક્ષરો દેખાવા જોઈએ તેવા દેખાતા નથી. છતાં લેખકો કેવા કેવા પ્રકારની ધૂનવાળા હોય છે, એનો ખ્યાલ પ્રેક્ષકોને જરૂર આવશે.

આ સિવાય તાડપત્રીય પુસ્તકો, સુંદર સુંદર લિપિનાં કાગળનાં પુસ્તકો તેમ જ ભંડારની નવી વ્યવસ્થા આદિ પણ દર્શનીય જ ગણાય.

**પુસ્તક મંગાવનારને માટે**— પુસ્તક લઈ જનારની અપ્રામાણિકતાનો અનેક વાર કડવો અનુભવ કરી ભંડારના હાલના કાર્યવાહકોએ કેટલાંક વર્ષ થયાં કાયદો કર્યો છે કે પુસ્તક મંગાવનાર પાસે દર એક પાને એક રૂપિયો રોકડું ડિપોઝિટ મુકાવવું, અને તે રીતે પણ પુસ્તક અરધું જ આપવું. જો બસો પાનાંથી વધારે પાનાંનો ગ્રંથ હોય તો એકસાથે સો પાનાં જ આપવાં, વધારે નહિ. આ કાયદો એકંદર અનુમોદનીય તો છે જ, છતાં કોઈક વાર આમાં અપવાદની આવશ્યકતા હોય છે, તેનો વિચાર કાર્યવાહકો સ્વયં કરે એમ આપણે ઇચ્છીશું.

**પ્રસ્તુત લિસ્ટ**—પ્રસ્તુત લિસ્ટને ભંડારમાં જે ક્રમથી પુસ્તકો ગોઠવેલ છે તે રીતે છપાવ્યું નથી, પરંતુ અકારાદિ ક્રમથી છપાવવામાં આવ્યું છે. અંતમાં ચાર પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. તે પૈકી પહેલા પરિશિષ્ટમાં સાધ્વી **શ્રી નેમશ્રીજી**નાં પાછળથી ઉમેરેલ પુસ્તકોનું લિસ્ટ આપવામાં આવ્યું છે. બીજામાં ગ્રંથકર્તાઓનાં નામની અનુક્રમણિકા આપવામાં આવી છે, જેથી તે તે ગ્રંથકર્તાના કેટલા ગ્રંથો આ ભંડારમાં છે આદિ જાણી શકાય. ત્રીજા પરિશિષ્ટમાં વિષયવિભાગવાર ગ્રંથોનું લિસ્ટ આપવામાં આવ્યું છે, જેથી ભિન્ન ભિન્ન વિષયના ગ્રંથો જોવા ઇચ્છનારને વધારેમાં વધારે અનુકૂળતા થાય. આ પરિશિષ્ટ કરવામાં સવિશેષ કાળજી રાખવા છતાં ક્યાંય અસ્તવ્યસ્તપણું દેખાય તો વિદ્વાનો

૧૫. આ ગાથાની સમાપ્તિ " भवण रयणुच्चय सिहिं च " એ રીતે થાય છે, છતાં લેખકની ગફલતથી તે છૂટી ગયું અને બદલામાં નવા અક્ષરો ઉમેરી દીધા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને દરગુજર કરે. ચોથા પરિશિષ્ટમાં **લીંબડી**ના જૈન મંદિરની પ્રતિમા ઉપરના લેખો અને લગભગ આજથી ૧૫૦ વરસ અગાઉ થઈ ગયેલ ત્યાંના સંઘમાં અને ધાર્મિક કાર્યોમાં આગેવાન શ્રેષ્ઠિવર્ય ઉપર લખેલ **જૈન** મુનિના પત્રની નકલ આપવામાં આવી છે. પ્રસ્તુત લિસ્ટ અને તેનાં પરિશિષ્ટો કરવા માટે સંપાદકે ઘણો શ્રમ કર્યો છે, છતાં તેમાં ત્રુટિ જણાય તો વિદ્વાનો તેને સહી લે એવી મારી સૌને વિનંતિ છે.

**લીંબડી સ્ટેટનું ગૌરવ**—કોઈ પણ રાજ્યમાં પુરાતન દર્શનીય વસ્તુઓનું હોવું એ તેના ગૌરવમાં ઉમેરો ગણાય. જો **લીંબડી** સ્ટેટ વસ્તુની કિંમત કરી જાણે તો પ્રસ્તુત જ્ઞાનભંડાર એ તેને માટે ઓછા ગૌરવની વસ્તુ નથી.

**ઉપસંહાર**—અંતમાં જેમણે તન, મન અને ધનથી પ્રસ્તુત જ્ઞાનભંડારને વસાવ્યો છે, તેને પુષ્ટ કર્યો છે, તેમ જ તેના રક્ષણ અને તેની વ્યવસ્થા માટે શ્રમ સેવ્યો છે, તે સૌને ધન્યવાદ અર્પી મારા અવલોકનને પૂર્ણ કરું છું.

[ લીંબડી ભંડારનું સૂચિપત્ર, ઈ.સ. ૧૯૨૮ ]

# પુરવણી

—×—

## શેઠ ડોસા દેવચંદ અને તેમનો પરિવાર

વોરા **શેઠ ડોસા દેવચંદ** અને તેમના પરિવારનો પરિચય મેળવવા માટે આપણી સમક્ષ ખાસ બે સાધનો વિદ્યમાન છે: એક કવિ **જેરામ**કૃત **તપસ્યાગીત**, જે ગૂર્જરભાષાબદ્ધ, અનુમાને ૧૮૩૯માં રચાયેલ અને ૬ ઢાળબદ્ધ ૮૧ કડીનું છે. અને બીજું **લાલવિજય**કૃત **તપબહુમાનભાસ**, જે ગૂર્જર, ૧૮૩૯ માં* રચેલ અને ૨૧ કડીનું છે. ભાસમાં માત્ર **પૂંજીબાઈ**ના તપની જ હકીકત વર્ણવી છે, જ્યારે ગીતમાં **ડોસા** વોરા આદિની બીજી વિશેષ વાતો પણ ગાવામાં આવી છે. આમાં જે વાતો છે તેમાંના એક અક્ષરને પણ અત્યારે **લીંમડી**માં કોઈ જાણતું નથી. એટલે અહીં તેનો સાર આપવામાં આવે છે.

### તપસ્યાગીતનો સાર

ગૂજરાતદેશમાં[1] **લીંમડી** ગામ હતું. ત્યાં રાજા **હરભમજી**ના[2] વખતમાં પોરવાડજ્ઞાતીય વોરા શેઠ **દેવચંદ**નો પુત્ર **ડોસો**[3] હતો. તેને **હીરાબાઈ** નામે પત્ની હતી, તેનાથી **જેઠો** અને **કસલો** બે પુત્ર

* ઓગણચ્યાલા વર્ષમાં રે, મહા વદિ પાંચમ જાણિ;
શાંતિનાથ સુપસાયથી, કીધા તપ બહુમાન રે. ૨૦. તપબહુમાનભાસ.

૧. 'કાઠિયાવાડ ગૂજરાતમાં ક્યારથી ગણાવા લાગ્યું ?'—ના પુરાતન ઉલ્લેખો શોધનારને જેરામ કવિનો આ ઉલ્લેખ ઉપયોગી થઈ શકે ખરો.

૨. આ રાજા હરભમજી તે પહેલા હરભમજી જાણવા કે જેઓએ પોતાની રાજગાદી શિયાણીથી ઉપાડી લીંબડી આણી હતી. તેઓ ઈ. સ. ૧૭૮૬, વિ૦ સં૦ ૧૮૪૨ સુધી વિદ્યમાન હતા.

૩. શેઠ ડોસા દેવચંદ ભલગામડેથી લીંમડી રહેવા આવ્યા હતા, એમ તેમના વંશજોનું કહેવું છે. સંભવ છે, રાજા હરભમજીની સાથે જ આવ્યા હોય.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

થયા. **જેઠાને પૂંજીબાઈ** નામે પત્ની હતી, તેનાથી **જેરાજ** અને **મેરાજ** એ દીકરા થયા. અને **કસલાને સોનબાઈ** નામે પત્ની હતી, તેનાથી **લખમીચંદ** અને **ત્રિકમ** એ દીકરા થયા.

સં. ૧૮૧૦ માં મહાત્મા શ્રી **દેવચંદ્રજી** પધાર્યા, ત્યારે **ડોસા** વોરાએ પ્રભુ પધરાવવાની ઇચ્છાથી પ્રતિષ્ઠામહોત્સવ શરૂ કર્યો. ગામગામના લોકોને નોતર્યા. આવેલાઓને રહેવા માટે તંબુ આદિની ગોઠવણ કરી અને તેમને માટે ઠેકઠેકાણે પાણીની પરબો બેસાડી. સત્તરભેદી પૂજાઓ, અષ્ટોત્તરીસ્નાત્ર આદિ ભણાવી શ્રી **દેવચંદ્રજી** પાસે પ્રતિષ્ઠા કરાવી **સીમંધર**સ્વામીની[૪] પ્રતિમા સ્થાપન કરી. લોકોને સુખડીનાં[૫] જમણો આપ્યાં. અન્ય વર્ણના લોકોને પણ જમણ જમાડી સંતોષ્યા.

સં. ૧૮૧૨ માં **જેઠા** વોરા સ્વર્ગે ગયા. સં. ૧૮૧૪ માં **ડોસા** વોરાએ સંઘપતિનું તિલક કરાવી **સિદ્ધાચલનો** સંઘ કાઢ્યો. સં. ૧૮૧૭માં સાસુ-વહુ **હીરબાઈ-પૂંજીબાઈ**એ સંવિજ્ઞપક્ષી પં. **ઉત્તમવિજયજી** પાસે ઉપધાન વહી માળ પહેરી. સં. ૧૮૨૦માં બીજી વાર **ડોસા** વોરાએ પંન્યાસ **મોહનવિજયજી** પાસે પ્રતિષ્ઠા કરાવી[૬] **અજિતવીર્ય** નામના વિહરમાનજિનની મૂર્તિ બેસાડી અને ગામેગામ કંકોતરી લખી **સિદ્ધાચળજી**નો સંઘ કાઢ્યો. પૂજા, સામિવચ્છલ, પ્રભાવના આદિ કરતા ઘેર પાછા આવ્યા. આ રીતે ધર્મકરણી કરતાં કરતાં **ડોસા** વોરા સં૦ ૧૮૩૨ના પોસ વદિ ૪ ને દિવસે દેવલોક ગયા. આ જ વર્ષમાં **પૂંજીબાઈ**એ પોતાના પતિ **જેઠા** વોરા પાછળ ચોરાસી જમાડી. અને એ જ વર્ષમાં પં૦ **પદ્મવિજયજી વિવેકવિજયજી** સાથે **લીંબડી** તરફ આવ્યા. તેમનો પ્રવેશ-મહોત્સવ ઘણા ઠાઠથી કરી ચોમાસું રાખ્યા અને ઉપધાન આદિ ધર્મકરણી પ્રવર્તી.

સં૦ ૧૮૩૯માં પં૦**પદ્મવિજયજી** મહારાજ **લાલવિજયાદિ**[૭] મુનિઓ સાથે બીજી વાર ચોમાસું રહ્યા. ચોમાસામાં **પૂંજીબાઈ**એ પોતાની સાસુ સાથે એકાંતમાં નિશ્ચય કરી **કસલા** વોરાને પૂછ્યું કે જો તમારી સમ્મતિ હોય તો હું પાંત્રીસ ઉપવાસ કરું. **કસલા**એ કહ્યું કે તમારા ઉદયમાં હોય તો તપ કરો,

૪. સીમંધરસ્વામીની પ્રતિમા શાંતિનાથના જૂના મંદિરમાં વિદ્યમાન છે. તેના ઉપરનો લેખ ઘસાઈ ગયો છે, એટલે અહીં આપી શકાયો નથી.

૫. સુખડીના જમણનું નામ સાંભળી વાચકોના હૃદયમાં ગ્લાનિ સાથે યુવાન માણસના દાંત ભાગી નાખે તેવાં ગોળ–ઘઉંના લોટનાં ઢેફાંની સ્મૃતિ થઈ આવશે. પરંતુ વાચકો તેમ ન માની લે. જેમ સુરતની બરફી, ખંભાતની સૂતરફેણી અને ભજિયાં, ભાવનગરના દશેરા ઉપર થતા ફાફડા, જામનગરના અડદિયા ઇત્યાદિ તે તે દેશમાં વખણાતાં વિશિષ્ટ પકવાન્નો છે, તેમ લીંબડીની સુખડી એ પણ પંકાતું એક વિશિષ્ટ પકવાન્ન છે, જેની જોડ બીજે ન જડે. આ પકવાન્નમાં ઓછામાં ઓછું મણે મણ ઘી નાખવામાં આવે છે. એટલા ઉપરથી આની વિશિષ્ટતા કલ્પી શકાય. વાચક ! જો તમને વિશ્વાસ ન હોય અને લીંબડીમાં તમારો કોઈ વિશ્વસ્ત સ્નેહી વસતો હોય તો જરૂર આ નગરના જમણની સુખડી મંગાવી ચાખી જોજો.

૬. અજિતવીર્યની પ્રતિમા શાંતિનાથના જૂના દેરાસરમાં છે. તેના ઉપર નીચેનો લેખ છે:

संवत् १८२० वर्षे माहसुदि १३ दिने वोरा डोसा देवचंद श्रीअजितवीर्य.........

આ લેખ સિમેન્ટ લગાડી દાબી દીધો છે. પાલીતાણાના લેખો દાબી દેવા માટે આણંદજી કલ્યાણજીની પેઢી અને સ્વર્ગસ્થ શ્રીયુત વેણીચંદ સૂરચંદ એકલા જ જસ ખાટી જાય એ લીંબડીના લોકોને ગમે ખરું ?

૭. તપબહુમાનભાસના કર્તા લાલવિજયજી તે આ જ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ તમે વૃદ્ધ છો, તમારી કાયા નબળી છે અને તપસ્યા ઘણી મોટી છે, એટલે તે માટે અમારાથી અનુમતિ શી રીતે અપાય ? તમે તમારી જિંદગીમાં ઉપધાન વહ્યાં છે, પાંચ ઉપવાસ, દસ ઉપવાસ, બાર પાસખમણુ (૧૫ ઉપવાસ), માસખમણુ (૩૦ ઉપવાસ), કર્મસૂદનતપ, કલ્યાણકતપ, વીસસ્થાનકતપ, આંબેલની ઓળી, વર્ધમાનતપની તેત્રીસ ઓળી, ચંદનબાળાનો તપ, આઠમ, પાંચમ, અગિયારશ, રોહિણી આદિ ઘણી તપસ્યાઓ કરી જન્મ સફળ કર્યો છે. અમારા ઘરમાં તમે જંગમ તીર્થ સમાન છો. તમને આવા દુષ્કર તપ માટે અનુમતિ કેમ અપાય ? **પૂંજીબાઈ**એ વળતો ઉત્તર આપ્યો કે તમે સમજુ છો, આ માનવદેહ ક્યાં વાર વાર લાધવાનો છે ? તેનાથી જે સાધ્યું તે ખરું. છેવટે **કસલા** વોરાની સમ્મતિથી **પૂંજીબાઈ**એ તેર ઉપવાસનું પચખાણ કર્યું. આ સમયે **કસલા** વોરાની પત્ની **સોનબાઈ**, જેણીએ એક વાર માસખમણ તપ કરેલ છે, તેણીએ પણ પાંત્રીસ ઉપવાસ કર્યા. **જેરાજ** અને **મેરાજ**ની પત્ની **મૂળીબાઈ અને અમૃતબાઈ** નામે હતી, તેમાંથી **અમૃતબાઈ**એ માસખમણ કર્યું. બહેન **અવલબાઈ**એ[૮] પણ માસખમણ કર્યું. જાણે આખા સંઘમાં તપસ્યાની લબ્ધિ પ્રગટી હોય તેની જેમ એકંદર ૭૫ માસખમણ[૯] થયાં અને સંઘ આખામાં ઓચ્છવ-મહોચ્છવ, પ્રભાવના[૧૦] થઈ રહ્યાં.

આ તરફ અશાતાનો ઉદય થવાથી **પૂંજીબાઈનું** શરીર એકદમ લથડી ગયું, જેના સમાચાર જાણતાં જ ધીંગડમલ્લ[૧૧] **ધારસી**નો પુત્ર મહેતો **ડોસો**[૧૨] તેમ જ સંઘનાં મુખ્ય મુખ્ય સ્ત્રીપુરુષો ત્યાં આવ્યાં, અને

૮. અવલબાઈ કોણ ? એ અહીં જણાવેલ નથી. સંભવતઃ કસલા વોરાની બહેન દીકરી હોવી જોઈએ.

૯. પં૰ પદ્મવિજયજીએ સમરાદિત્યના રાસમાં પણ આ હકીકત વર્ણવી છે:—

તેણે વર્ષે તિહાં સંઘમાં, તપ કીધાં ઘર ઘરબાર રે;
પંચોતેર માસખમણ તે, થયા જિનબિંબ માનનહાર રે. ૧૪

૧૦. તપબહુમાનભાસમાં એટલું વધારે જણાવવામાં આવ્યું છે કે, રાજા હરભમજીએ તપસ્યા કરનારને રૂપિયાની લહાણી કરી હતી.

૧૧. ધીંગડમલ્લ એ ધારસી મહેતાનું ઉપનામ અથવા અટક હોય એમ લાગે છે.

૧૨. ડોસા મહેતા માટે લીંબડીનાં ઘરડાં પાસેથી એમ સાંભળવામાં આવ્યું છે કે તેઓ સ્થાનકવાસી હતા અને વોરા ડોસા દેવચંદના ભાગીદાર હતા. બન્નેય ભિન્ન ભિન્ન સંપ્રદાયના હોઈ વાર તહેવારે જવા-આવવામાં ભિન્નતા પડતી, એ વાત બન્નેયને રુચતી ન હોવાથી નિશ્ચય કર્યો કે યા તો આપણે બન્નેય સ્થાનકવાસી હોવા જોઈએ અથવા આપણે બન્નેય મૂર્તિપૂજક હોવા જોઈએ, પણ ભિન્નતા તો ઠીક નહિ. છેવટે બન્ને જણાએ મૂર્તિનો મુખ્ય પ્રશ્ન ઉઠાવ્યો, જેના નિર્ણય માટે ડોસા વોરા પાંચસો રૂપિયા ડિપૉઝિટ મૂકી પાટણના સંઘવીના પાડાના ભંડારમાંથી જ્ઞાતાધર્મકથાંગ, રાજપ્રશ્નીયોપાંગ અને ઉવવાઈસૂત્રાદિની તાડપત્રીય પ્રતો લાવ્યા, જે પ્રતો અત્યારે લીંબડીના જ્ઞાનભંડારમાં વિદ્યમાન છે. અંતમાં નિર્ણય થયા બાદ ડોસા મહેતાએ અને તેમના કુટુંબે સ્થાનકવાસીપણાનો ત્યાગ કર્યો. આ ત્યાગની વાત ડોસા મહેતાના વંશજો પણ સ્વીકારે છે. ડોસા મહેતાની ભરાવેલી સીમંધરસ્વામીની પ્રતિમા લીંબડીના શાંતિનાથના જૂના દેરાસરમાં વિદ્યમાન છે. તેના ઉપર નીચે પ્રમાણે લેખ છે :

संवत् १८२० वर्षे माघशुदि १३ दिने डोसा धारसी सीमंधरजिनबिंबं कारपितं श्री

પાછળથી આ મહેતાકુટુંબ સ્થાનકવાસી થઈ ગયું છે. અહીંનું સંઘવી કુટુંબ એક વાર મૂર્તિપૂજક હતું તે પણ અત્યારે સ્થાનકવાસી છે. આ લોકોના લત્તામાં જે મંદિર હતું તે શાંતિનાથના જૂના મંદિર સાથે ભેળવી દેવામાં આવ્યું છે. પદ્મવિજયજીએ કસલા વોરા ઉપર લખેલ પત્રમાં "ડોસા ધારસી તથા સહેસમલ તથા ઝવેરીને ધર્મલાભ કહેવો" એમ જણાવ્યું છે તે ડોસા ધારસી આ જ જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂંજીબાઈ**ને તપસ્યા પારવા માટે સમજાવટ અને આગ્રહ કર્યા. પણ **પૂંજીબાઈ**એ તો પોતાની સાખે નવ ઉપવાસનું પચખાણ લઈ લીધું. તેમને પાણીના બદલામાં સાકરનું પાણી આપ્યું, પણ પોતે સાવધાન હોવાથી તેને ઓળખી લીધું અને ફેંકી દીધું. છેવટે તેમનું શરીર તદ્દન લથડી ગયું એટલે તેમણે પોતે સાગારી અનશન સ્વીકારી આહારનો સર્વથા ત્યાગ કરી દીધો. અને સર્વ જીવોને ખમાવી ચાર શરણ લઈ ચોવીસમે ઉપવાસે સં૦ ૧૮૩૯ના શ્રાવણ વદિ ૧૧ને દિવસે દેવગત થયાં.

આ પછી તરત જ પર્યુષણાપર્વ બેસતું હોવાથી કોઈને ધર્મમાં અંતરાય ન થાય માટે **કસલા** વોરાએ રોવા–કૂટવાનું[13] માંડી વાળી ધર્મકરણી કરવા માંડી, સંવત્સરી દાન દીધું અને સંઘને પાંચ પકવાન્નનું જમણ આપ્યું, **પૂંજીબાઈ**ના તપનિમિત્તે ઉજમણું કર્યું અને અઢાર વર્ણને જમણ આપ્યું. **જેરામ** કવિ[14] કહે છે કે આ રીતે અઢળક ધનનો ખર્ચનાર **કસલો** વોરો ચિરકાળ જીવો.

**કલશ**[15]—પહેલાં સાત (૧૮૦૭)માં **શાંતિનાથ**નો પ્રૌઢ પ્રાસાદ કરાવ્યો. તે પછી બે બિંબપ્રતિષ્ઠા અને સંઘ કાઢ્યા, **કસલા** વોરાએ તપ, ઉજમણાં, ચોરાસી આદિ કર્યાં.

## ગીતમાં જણાવ્યા સિવાયનું

વોરા **ડોસા દેવચંદ**ની ભરાવેલી બે પ્રતિમાઓ વિદ્યમાન છે, જેમાંની એક નવલખા **પાર્શ્વનાથ**ની છે, જે હાલ નવા મંદિરમાં છે અને બીજી **આદિનાથ**ની ધાતુની પંચતીર્થી છે, જે જૂના મંદિરમાં છે. આ બન્ને પ્રતિમાઓ સં. ૧૮૬૦માં ભરાવેલી છે. ગીતમાં જણાવ્યા પ્રમાણે **ડોસા** વોરા સં૦ ૧૮૩૨માં દેવગત થયેલ હોવાથી આ પ્રતિમાઓ તેમની પોતાની ભરાવેલી નહિ પણ તેમના પરિવારમાંના કોઈએ તેમના નામથી ભરાવેલી હોવી જોઈએ. આ જ વર્ષમાં **ડોસા** વોરાના પૌત્ર **મેરાજ**ની ભરાવેલ એક શ્યામ પ્રતિમા જૂના દેરાસરમાં છે એ ઉપરથી એમ કલ્પી શકાય કે કદાચ **મેરાજે** ઉપરોક્ત પ્રતિમાઓ ભરાવી હોય. ત્રણે પ્રતિમા ઉપરના લેખો—

संवत् १८६० वर्षे वैशाख शुदि ५ चंद्रवासरे लींबडीनगरवास्तव्यश्रीपोरवाडज्ञातीयवृद्धशाखायां सा। देवचंद तत्पुत्र सा। डोसाकेन श्रीनवलखापार्श्वनाथबिंबं भरापितं प्रतिष्ठितं च श्रीतपागच्छधिराजभट्टाकरश्रीविजयजिनेन्द्रसूरिभिः ॥ श्रीरस्तु ॥

संवत् १८६० वर्षे वैशाख सुदि ५ चंद्रवासरे लींबडीनगरवास्तव्यपोरवाडज्ञातीयवृद्धशाखायां सा। देवचंद तत्पुत्र सा। डोसाकेन श्रीग्रादिनाथबिंबं भरापितं प्रतिष्ठितं च भट्टारकश्रीविजयजिनेन्द्रसूरिभिः श्रीतपागच्छे ॥

संवत् १८६० वर्षे वैशाख सुद ५ चंद्रवासरे महराज जेठा भरा०

૧૩. વાર તહેવાર કે કર્તવ્યાકર્ત્તવ્યનો વિચાર કર્યા સિવાય મરનારની પાછળ રોવા–કૂટવાનું નર્યું ધતીંગ મચાવતો અત્યારનો જૈન સમાજ—અને ખાસ કરીને લીંબડીવાસી જૈન સમાજ—આ વિવેક તરફ આંખ ઉઘાડી જુએ તો ઠીક.

૧૪. જેરામ કવિ એ તે સમયે લીંબડીના આશ્રયમાં વસતો ભોજક હોવો જોઈએ.

૧૫. કલશમાંના "પ્રથમ પ્રૌઢ પ્રાસાદ શાંતિજિન સાતે કીધો" એ ઉલ્લેખ પરથી એમ જણાય છે કે ડોસા વોરાની દેખરેખ નીચે શાંતિનાથનું મંદિર, તેની પ્રતિષ્ઠા આદિ સં૦ ૧૮૦૭માં કરાયાં. જો તેમણે પોતે ૧૮૧૦માં પ્રતિમા પધરાવી ત્યારે જ આ મંદિરની પ્રતિષ્ઠા આદિ થયેલ હોત તો જેરામ કવિ અવશ્ય તેવો ઉલ્લેખ કરત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ડોસા** વોરાની લખાવેલ સ્વર્ણાક્ષરી અધ્યાત્મગીતાની પ્રતિ ભંડારમાં છે, જેનો ઉલ્લેખ અવલોકનમાં આવી ગયો છે.

**કસલા** વોરાની લખાવેલ **સૂત્રકૃતાંગ**નિર્યુક્તિની પ્રતિ છે તેના અંતમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:

श्रीलींबपुरीवास्तव्य वोहरा श्रीपांच डोसा सूत वोहरा कसला लिखावीतं संवत् १८२१ ना वर्षे श्रावण वदि अष्टम्यां चन्द्रवासरे । भांडारागारेण ।

આ ઉલ્લેખના અંતિમ **भांडारागारेण** શબ્દને સુધારીને **भांडारागारिणा** વાંચવામાં હરકત ન ગણાતી હોય તો **કસલા** વોરા ભંડારના સંરક્ષક અર્થાત્ કારભારી હતા એનો આ પુરાવો ગણી શકાય.

**કસલા** વોરાના આગ્રહથી **પદ્મવિજયજી** મહારાજે **સમરાદિત્ય**નો રાસ રચ્યાનું તેના અંતમાં જણાવ્યું છે—


> અઢાર ઓગણચ્યાલીસમાં, કાંય માંડયો રાસ એ વર્ષે રે;
> **લીંમડી** ચોમાસું રહી, કાંઈ દિન દિન ચડતે હરષે રે. ૧૨.
> વોહોરા **કસલા** આદિ દે, ભિલાટા **સહુસમલ** નામે રે;
> તસ આગ્રહે પ્રારંભીઓ, વલી નિજ આતમને હેતે રે. ૧૩.

**પદ્મવિજયજી** મહારાજે **કસલા** વોરા ઉપર સં૦ ૧૮૩૩માં તેમણે પૂછેલ પ્રશ્નોના ઉત્તરરૂપે એક પત્ર લખ્યો છે તે જોતાં તેમ જ તેના ઉપરનું "સંઘમુખ્ય વોરા **કસલા** ડોસા યોગ્ય **લીંમડી** નગરે" આ પ્રમાણેનું ઠેકાણું જોતાં **કસલા** વોરા કર્મગ્રંથાદિ સૂક્ષ્મ પદાર્થોના કેવા જ્ઞાતા હતા અને **લીંમડી**ના સંઘમાં તેમનું કેવું સ્થાન હતું એ સમજી શકાય તેમ છે. આ પત્રની નકલ જોવા ઇચ્છનારે પરિશિષ્ટ નં. ૪ જોવું.

( **વંશવૃક્ષ ૩૭મે પાને** )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શેઠ ડોસા દેવચંદના વંશજો




Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

**ડોસા** વોરાનું આ વૃક્ષ તેમના વંશજ પાસેથી મેળવ્યું છે. આમાં મેં તપસ્યાગીતને અનુસારે સુધારો-વધારો કર્યો છે. **જેમની નીચે** મીંડાં મુકાયાં છે તે તો નામશેષ થઈ ચૂક્યા છે. અત્યારે આ વૃક્ષમાંના માત્ર સાતેક માણસો હયાત છે. **ડોસા** વોરામાં જે કાર્યદક્ષતા, જે ધર્મભાવના અને જે તેજ હતાં તે અત્યારે કોઈમાંયે નથી રહ્યાં. પરમાત્મા આ સૌને પોતાના વૃદ્ધોના સ્થાનને અને ધર્મને અજવાળવાની ભવ્ય પળો અર્પશે તો આપણે અવશ્ય ખુશી મનાવીશું.

**પાટડી,** સં૦ ૧૯૮૪, મહા વદિ ૪.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org